Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૪૪ મું. સંવત ૨૦૦૩.

આત્મ સં. ૫૨

અંક ૧૨ મો. અષાઢ : જુલાઈ તા. ૧

સભાને બેસતું ૫૨ મું વર્ષ




વાર્ષિક લવાજમ રૂા. ૧-૧૨-૦ પોસ્ટેજ સહિત.

પ્રકાશક—

— : શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર : —

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા.


| | | | |
|---|---|---|---|
| ૧ | श्रीवर्धमानजिनस्तवनम् । ... ... | ... મુનિરાજશ્રી ધુરંધરવિજયજી મહારાજ | ૨૦૭ |
| ૨ | શ્રી ભાગવતી દીક્ષા–પદ્ય ... ... ... | મુનિશ્રી દક્ષવિજયજી મહારાજ | ૨૦૮ |
| ૩ | શ્રી સિદ્ધસેનસૂરિજીકૃત ( બત્રીશ બત્રીશીઓ ) | ... આચાર્ય શ્રી વિજયપદ્મસૂરિજી મહારાજ | ૨૦૯ |
| ૪ | વિચારશ્રેણી ... ... ... | ... આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ | ૨૧૧ |
| ૫ | ન્યાયરત્નાવલિ ... ... ... | ... મુનિરાજશ્રી ધુરંધરવિજયજી મહારાજ | ૨૧૨ |
| ૬ | ધર્મ કૌશલ્ય ... ... .. ... ... ... | ... મૌક્તિક | ૨૧૫ |
| ૭ | યોગમીમાંસા ... ... ... ... | ...સં. મુનિશ્રી પુણ્યવિજયજી મ૦ | ૨૧૯ |
| ૮ | શ્રીમાન યશોવિજયજી ... | ...(ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા M.B.B.S.) | ૨૨૦ |
| ૯ | જૈન સમાજને વિનંતિ ... ... ... | ( શેઠશ્રી આણંદજી કલ્યાણજી ) | ૨૨૨ |
| ૧૦ | શ્રી મહાવીર સ્તવન... ... ... ... ... ... | લે૦ લાલન | ૨૨૩ |
| ૧૧ | શ્રી શત્રુંજય સ્તવન... ... ... ... | ... લે૦ મુનિ લક્ષ્મીસાગરજી મ૦ | ૨૨૫ |
| ૧૨ | વર્તમાન સમાચાર તથા સુધારો ... ... ... ... ... | ... | ૨૨૬ |


## આ માસમાં નવા થએલા માનવંતા સભાસદો.

| | | | |
|---|---|---|---|
| ૧. | શાહ પ્રેમજીભાઇ કોરશીભાઈ (૧) | લાઇફ મેમ્બર | મુંબઇ |
| ૨. | શ્રી ચંદનસાગરજી મહારાજ જ્ઞાનભંડાર હા. ગાંધી નગીનદાસ વાડીલાલ (૧) | ,, | વેજલપુર |
| ૩. | શાહ નગીનદાસ ગુલાબચંદ (૧) | ,, | ચમારડી |
| ૪. | ડૉકટર વલ્લભદાસ નેણસીભાઇ (૧) | ,, | મોરબી |
| ૫. | શેઠ ગિરધરલાલ લાલચંદ (૧) | ,, | હારીજ |
| ૬. | પારેખ વનમાળીદાસ ગોવિંદજી (૧) | ,, | ભાવનગર |

## બીજા વર્ગમાંથી પ્રથમ વર્ગના થયેલા માનવંતા લાઇફ મેમ્બરો.

ગયા વૈશાક–જેઠ માસના આત્માનંદ પ્રકાશમાં અને પત્રદ્વારા કરેલી અમારી નમ્ર સુચનાને માન આપી રૂા. ૫૦) વધારાના આપી પ્રથમ વર્ગના લાઇફ મેમ્બર ઘણા બંધુઓ ઉત્સાહપૂર્વક થયા છે. તેઓશ્રીના મુબારક નામો નીચે મુજબ છે. એ ચારે ગ્રંથોની કિંમત શુમારે રૂા. ૨૯–૦–૦ થાય છે એટલે તેના મનનપૂર્વક વાંચનથી જેમ આત્મિક આનંદનો લાભ મળે છે તેમ આર્થિકદ્રષ્ટિએ પણ મ્હોટો લાભ છે જે જૈન બંધુઓએ લેવા જેવું છે.

અશાડ વદી ૩૦ સુધીમાં નવા થનાર પ્રથમ વર્ગના લાઇફ મેમ્બરને પણ તે લાભ આપવા સભા ધારે છે.

| | | |
|---|---|---|
| ૧ શાહ પન્નાલાલ ભીખાભાઇ | ૮ ,, અનંતરાય જાદવજી | ૧૫ શ્રી જૈન પાઠશાળા હા. શેઠ જગજીવન નીમચંદ |
| ૨ ,, ઝવેરચંદ જીવણભાઇ | ૯ શાહ ફૂલચંદ ગોપાળજી | |
| ૩ ,, મણીલાલ ફુલચંદ | ૧૦ સંઘવી રાયચંદ લલ્લુભાઇ | ૧૬ શેઠ મહેશચંદ્ર વૃજલાલ |
| ૪ ,, છોટાલાલ ગિરધરલાલ | ૧૧ દલાલ પરમાણંદદાસ વેલચંદ | ૧૭ શેઠ વનમાળીદાસ ઝવેરચંદ |
| ૫ શેઠ જાદવજી ઝવેરભાઇ | ૧૨ શ્રીમણીલાલ કેશવલાલ પરીખ | ૧૮ મહેતા પ્રભુદાસ દુર્લભજી |
| ૬ ,, અનૂપચંદ ઝવેરભાઇ | ૧૩ ડૉ. મણીલાલ લલ્લુભાઇ | ૧૯ મ. શ્રીવીરવિજયજી પુસ્તકાલય હા. શેઠ નગીનદાસ વેણીલાલ |
| ૭ ,, ચીમનલાલ ઝવેરભાઇ | ૧૪ શેઠ ભોગીલાલ બાદરમલ | |

ટા. પા. ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશકઃ—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર ...

| | | |
|---|---|---|
| વીર સં. ૨૪૭૩. | આષાઢ | પુસ્તક ૪૪ મું. |
| વિક્રમ સં. ૨૦૦૩. | :: ઇ. સ. ૧૯૪૭ જુલાઈ :: | અંક ૧૨ મો. |

## श्रीवर्द्धमानजिनस्तवनम् ।

( [1]गूर्जररागे प्रतिमण्ठताले अष्टपदीगूर्जरीनिःसृततालाभ्यां गीयते )

सुरनरपतिकृतवन्दन ! त्रिशलानन्दन ए !
पूरितसुजनसमीह ! जय जिन ! शास्तिपते ! ॥ १ ॥
मुक्तिरमावरमोहन ! मङ्गलदोहन ए !
निर्ममनिभृतनिरीह ! जय जिन- ॥ २ ॥
खञ्जनविततविलोचन ! त्रिभुवनरोचन ए !
कमलसुकोमलकाय ! जय जिन- ॥ ३ ॥
मुनिजनमानसचन्दन ! दुरितनिकन्दन ए !
सरससुगन्धशरीर ! जय जिन- ॥ ४ ॥
जलधरसमगुरुगर्ज्जन ! दुर्जनतर्ज्जन ए !
सागरसमगम्भीर ! जय जिन- ॥ ५ ॥
परिगतपियूषपोषण ! सततसन्तोषण ए !
व्यपगतसकलविकार ! जय जिन- ॥ ६ ॥
लोकालोकविभासन ! निर्मलशासन ए !
निरुपमनिरहंकार ! जय जिन- ॥ ७ ॥
विहितमदनमदमूरण ! गुणपरिपूरण ए !
धर्मधुरन्धरधीर ! जय जिन- ॥ ८ ॥

मुनिराजश्री धुरंधरविजयजी महाराज ।

---

१ कविश्रीजयदेवकृत-गीतगोविन्दसत्कप्रथमसर्गस्य द्वितीयगीतानुरूपोऽयं रागः ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી ભાગવતી દીક્ષા-પદ્ય

(પારેવડા જાજે વીરાના દેશમાં-એ રાહ.)

ઓ આતમા! રૂડા દીક્ષાના પંથમાં,
ચાલજે આજથી આનંદમાં. ઓ આતમા૦ (૧)

દીક્ષા વિના નથી, મોક્ષસુખ ક્યાંયે,
સાચું સુખ દીક્ષા-પંથમાં. ઓ આતમા૦ (૨)

રજોહરણરૂપી, ધર્મધ્વજ સોહે;
મુહપત્તિ રૂડી હાથમાં. ઓ આતમા૦ (૩)

કપડા ઉપર, કાંબળી સોહે;
પાતરાં તરપણી પીઠમાં. ઓ આતમા૦ (૪)

આગળ પોથી ને, સ્થાપનાજી સોહે;
દંડ અખંડ મુનિ-વેશમાં. ઓ આતમા૦ (૫)

દેવતાઓ પણ, ઝંખે છે ક્ષણ ક્ષણ;
મ્હાણવા સંજમ-પંથમાં. ઓ આતમા૦ (૬)

ષટ્ ખંડ નેતા, ચક્રવર્તી લેતા;
દીક્ષા ભિક્ષા માનમાં. ઓ આતમા૦ (૭)

**નેમિ-લાવણ્યસૂરિ,—દક્ષ** કહે ભૂરિ;
**મુક્તિ**-ગમન ત્યાગ માર્ગમાં. ઓ આતમા૦ (૮)

**મુનિશ્રી દક્ષવિજયજી મહારાજ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આ. શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિના ઉપલબ્ધ ગ્રંથોનો ટૂંક પરિચય
# ( દ્વાત્રિંશદ્વાત્રિંશિકા–બત્રીશ બત્રીશીઓ )

**લે૦–આચાર્યશ્રી વિજયપદ્મસૂરિજી મહારાજ**

( ગતાંક પૃષ્ઠ ૧૯૧ થી ચાલુ )

૬ છઠ્ઠી દ્વાત્રિંશિકા–અહીં આપ્તપુરુષનું પરિચયસ્વરૂપ ત્રિવિધ તર્કદૃષ્ટિથી જણાવ્યું છે. દિવાકરજીની આ પદ્ધતિને લક્ષ્યમાં રાખીને દિગંબર મતના સમંતભદ્રે આપ્તમીમાંસા રચી અને વિદ્યાનંદીએ આપ્તપરીક્ષા બનાવી. વચમાં સિદ્ધસેનદિવાકરજી મહારાજ, દરેક તત્ત્વની તર્કથી પરીક્ષા કરી તેને માનવાનું વિવિધ રીતે જણાવે છે. શ્લોકો–વૈતાલીયાદિ છંદોમાં છે.

૭. સાતમી દ્વાત્રિંશિકા–અહીં શરૂઆતના ૩૧ શ્લોકો વસંતતિલકામાં ને છેલ્લો શ્લોક હરિણી છંદમાં છે. કર્ત્તાએ વસ્તુ તરીકે વાદકળાનું ખરૂં રહસ્ય સંક્ષેપમાં જણાવતાં કહ્યું છે કે–વિદ્વાનોની સભામાં વાદ કરવાથી જ સારા ફરમાનો મળે છે. વાદીએ સભામાં શરૂઆતમાં કઇ કઇ બાબતની તપાસ કરવી ? ત્યારબાદ કયો કાર્યક્રમ સાચવી કેવી ભાષા બોલવી ? તે બાબતનો ખુલાસો કરી ધારણ કરવા લાયક ગુણો, અને વાદ પ્રસંગે ધ્યાન નહિ દેવાલાયક નિરર્થક બાબતો જણાવવા ઉપર વાદ કથાનું રહસ્ય કાવ્યરચનાદ્વારા સ્પષ્ટ સમજાવ્યું છે. આ જ કારણથી આ દ્વાત્રિંશિકા–વાદોપનિષદ્ નામથી ઓળખાય છે.

૮. આઠમી દ્વાત્રિંશિકા–અહીં આર્યા છંદમાં ૨૬ શ્લોકોમાં જલ્પકથાનો વિચાર જણાવ્યો છે. જલ્પકથા પોતાનો વિજય થાય ને સામાનો પરાજય થાય, આવા ઇરાદાથી કરવામાં આવે છે. આવી જલ્પકથા કરનાર સહોદર વાદીઓમાં પણ ઉત્પન્ન થતી શત્રુતા, જલ્પકથા કરનારા જીવોમાં સત્ય અને આવેશનો તથા ત્યાગ અને કુટિલતાનો વિરોધ, આ કથા કરનાર વાદી ચુકાદો આપનાર સભાપતિની આગળ કેવું રમકડું બની શાસ્ત્રોને કઇ સ્થિતિએ પહોંચાડે છે તે બીના, કલ્યાણ અને વાદના માર્ગો એક નથી, શાંતિ કથાની બીજી કથા કરતાં ઉત્તમતા જણાવી વાદીને કેવી રીતે ઉજાગરો કરવો પડે છે, અને હારજીત બંનેમાં કેવી રીતે મર્યાદા ખોઇ બેસે છે, કથા કલહને ધૂર્ત્ત વિદ્વાનોએ મીમાંસા નામ દઇ કેવી રીતે ફેરવ્યો છે ? વગેરે જલ્પકથાના દોષોનું સ્પષ્ટ વર્ણન જણાવ્યું છે.

૯. નવમી વેદવાદ દ્વાત્રિંશિકા–અહીં પ્રાચીન પદ્યબદ્ધ ઉપનિષદોની શૈલીમાં એમના જ શબ્દોમાં ઉપનિષદ્ના બ્રહ્મ તત્ત્વનું વર્ણન છે. એમ માલૂમ પડે છે કે આની રચના કરવામાં શ્વેતાશ્વર ઉપનિષદ્નું આલંબન જરૂર લીધું હોઇ કેટલેક સ્થલે બ્રહ્મ વર્ણનવાળી રૂગ્વેદની ઋચાઓની પણ સંકલના પ્રતીત થાય છે. છેલ્લો શ્લોક શાલિની છંદમાં છે. સંસ્કૃત સાહિત્યમાં આ બત્રીશી ગૂઢ ·અને ગંભીર અર્થવાળી ગણાય છે, માટે જ સમર્થ દાર્શનિકાદિ વિદ્વાનો પણ આની ખરી વસ્તુ સમજવા નિષ્ફલ નીવડ્યા છે. આ કારણથી પણ આની ઉપર ટીકા ટીપ્પણી આદિ કોઇપણ સાધન જણાતું નથી. અહીં જણાવેલી કેટલીક બીના વેદના મંત્ર, ઉપનિષદ્ ગીતાદિ સાથે મળતી આવે છે. તે અને બીજા ગ્રંથોમાં જણાવેલા વિચારોના આધારે એવો નિર્ણય થયો છે કે દિવાકરજી મહારાજે સાંખ્યયોગના તત્ત્વજ્ઞાનનો ઉપયોગ કરી બ્રહ્મ અથવા ઔપનિષદ પુરુષનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાવ્ય દૃષ્ટિએ વર્ણન કરવા આ બત્રીશીની રચના કરી. અને તેમાં પ્રસંગાનુસાર શ્વેતાશ્વતર ઉપનિષદ્ વગેરે શાસ્ત્રોના પણ કેટલાક વિચારો પ્રાયે જણાવ્યા હોય. એમ પણ આની રચનાદિ જોતાં માલૂમ પડે છે. એટલે જેમ બ્રહ્મ શબ્દના અનેક અર્થો શબ્દકોશાદિમાં જણાવ્યા મુજબ થાય છે, તેમ પુરુષ શબ્દના પણ અનેક અર્થો થાય છે. શ્વેતાશ્વતર(૧-૧૨)માં કહ્યું છે કે "त्रिविधं ब्रह्ममेतत्" એટલે બ્રહ્મના ૧ ભોગ્ય બ્રહ્મ (પ્રધાન), ૨ ભોક્તૃબ્રહ્મ (જીવાત્મા) અને ૩ પ્રેરકબ્રહ્મ (ઇશ્વર) આ રીતે ત્રણ ભેદો છે. આ જ ત્રણ ભેદોને ગીતામાં (૧૫-૧૬-૧૭) અનુક્રમે ૧. ક્ષર પુરુષ, ૨. અક્ષર પુરુષ, ૩. પુરુષોત્તમ નામ આપીને વર્ણવ્યા છે. સેશ્વર સાંખ્યમાં પુરુષોત્તમનું નામ 'પુરુષવિશેષ' જણાવ્યું છે. આ બીના અહીં સવિશેષ જણાય છે. કેટલેક સ્થળે પાશુપત સંપ્રદાયના તથા ત્રિમૂર્તિવાદના પણ મુખ્ય મુખ્ય વિચારો ગોઠવ્યા છે. આનું પં. સુખલાલજીકૃત વિવેચન વિ. સં. ૨૦૦૧ માં ભારતીય વિદ્યા ભાગ ત્રીજામાં છપાયું છે. તેની અલગ બુક પણ ભારતીય વિદ્યાભુવને પ્રકાશિત કરી છે. તેમાં પ્રાસ્તાવિક વિભાગમાં આને અંગે જણાવ્યું છે કે-"સિદ્ધસેન શ્વેતાશ્વરનું ઉપજીવન મુખ્યપણે કરતા હોય તેમ લાગે છે, છતાં શ્વેતાશ્વતર કરતાં સિદ્ધસેનની સ્તુતિમાં અદ્વૈત યા સમન્વયની છાંટ કંઇ વધારે છે. જો કે તે પણ પ્રકૃતિ, પુરુષ અને પરમ એમ ત્રણેને સ્વીકારતા લાગે છે. બે વચ્ચેના આ અંતરનું કારણ એ લાગે છે કે-એક સિદ્ધસેનના સમય સુધીમાં અનેક જાતના અદ્વૈત મતો સ્થિર થઇ ગયા હતા. અને બીજું કારણ એ પણ હોય કે સિદ્ધસેન માત્ર પાશુપત સંપ્રદાયમાં બદ્ધ ન રહેતાં ઉપનિષદો, ગીતા અને પુરાણોની સમન્વય પદ્ધતિને જ અનુસર્યા હોય.

સિદ્ધસેનના વર્ણનની એક ખાસ વિશેષતા તરફ વાચકોનું ધ્યાન પ્રથમ જ ખેંચવું આવશ્યક છે. તે એ છે કે પુરુષ તત્ત્વની અવ્યક્તથી જૂદી કલ્પના થયા બાદ કોઇ પાકા સંસારાનુભવી રસિક અને તત્ત્વજ્ઞ એવા પ્રતિભાસંપન્ન કવિએ પચ્ચીસ તત્ત્વવાલા સાંખ્યની ભૂમિકામાં અવ્યક્ત અને પુરુષ જૂદા જૂદા કલ્પાયાં પછી મૂલ કારણ અવ્યક્તને પ્રકૃતિ અને કૂટસ્થ ચેતન તત્ત્વને પુરુષ નામ આપ્યું. અને જીવસૃષ્ટિના ઉત્પાદક વિજાતીય (સ્ત્રી-પુરુષ) તત્ત્વોના યુગલનું રૂપક લઇ ચરાચર જગતના ઉત્પાદક બે વિજાતીય તત્ત્વો માની તેના યુગલને પ્રકૃતિપુરુષસ્વરૂપ બે તત્ત્વોનું વિજાતીયત્વ કાયમ રાખી તેના યુગલને 'અજા' અને 'અજન્મા' રૂપકમાં વર્ણવ્યા. તેણે ખૂબી એ કરી છે કે-સંતતિની જન્મ અને સંવર્ધન ક્રિયામાં અનુભવસિદ્ધ પુરુષના તટસ્થપણાની છાયા, સાંખ્યસરણિ પ્રમાણે ચેતન તત્ત્વમાં હતી, તેને, અને માતૃસુલભ સંપૂર્ણ જનન સંવર્ધનની જવાબદારી અને ચિંતાની છાયા પ્રકૃતિમાં હતી તેને અનુક્રમે 'અજ' અને 'અજાના' રૂપકમાં વર્ણવી. અહીં સિદ્ધસેને બત્રીશીમાં કેવળ અજનો જ ઉલ્લેખ કર્યો છે અને અજાનો ઉલ્લેખ છોડી દીધો છે. એટલું જ નહિ પણ તેમણે ઋગ્વેદ અને શુક્લ યજુર્વેદ તેમજ મનુસ્મૃતિ આદિની પેઠે ગર્ભના આધાનસ્થાનનો નિર્દેશ કર્યા વિના જ અજ-ઇશ્વર યા ચેતનને ગર્ભના જનક તરીકે વર્ણવ્યો છે. દિવાકરજી મહારાજે અહીં કયા મુદ્દાથી કઇ બીના ગોઠવી છે ? તેનો યથાર્થ ભાવ સમજવો મુશ્કેલ છે. અહીં તેમજ બીજી દ્વાત્રિંશિકાઓમાં રચનાદિની દૃષ્ટિએ અશુદ્ધિ પણ થયેલી છે. વિવેચનથી વિશેષે બીના જાણવી.

—(ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિચારશ્રેણી

( ગતાંક ૯ ના પૃષ્ઠ ૧૫૮ થી શરૂ )

લેખક—**આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ.**

૧૦૧ મર્યાદિત નમ્રતા, વિનય મનુષ્ય જાતિનું ભૂષણ છે.

૧૦૨ અમર્યાદિત નમ્રતા અને વિનય ધૂર્તનું લક્ષણ છે.

૧૦૩ માનવીને અપમાન ગમતું નથી પણ અપમાન મળે તેવી રીતે બીજાની સાથે વર્તવું છે.

૧૦૪ માયાની સહાયતાથી માન મેળવી રાજી થનાર મૂર્ખ છે.

૧૦૫ જેમ અત્યંત ક્ષુધાતુર ભીખારીને સૂકો રોટલો મળી જાય તો મિષ્ટાન્ન મળ્યા જેટલો આનંદ માને છે તેમ માનની અત્યંત ક્ષુધાવાળા ભીખારીને હલકામાં હલકો માણસ પણ માન આપે તો તે ગર્વથી ફૂલાઇ ઘણો જ રાજી થાય છે.

૧૦૬ જીવનની ઉત્તમતા–પવિત્રતા-નિખાલસતા મેળવવાને બીજા કોઇપણ માનવીની જરૂરત પડતી નથી, સ્વતંત્રપણે મેળવી શકાય છે; છતાં માનવીને મેળવવી ગમતી નથી અને બીજાની આપેલી મેળવીને પોતાને કૃતકૃત્ય માનેછે.

૧૦૭ ક્ષુદ્ર વાસના પોષવાના આશયથી જ બીજાના ઉપર દેખીતો ઉપકાર કરવો તે અધમતા છે; કારણ કે પરિણામે બીજાની અનિચ્છાયે પણ તેની કિંમતી વસ્તુથી પોતાની વાસના તૃપ્ત કરાય છે.

૧૦૮ પાપબુદ્ધિવાળો ગુણી બનવાનો અધિકારી નથી.

૧૦૯ પોતાના તુચ્છ સ્વાર્થ માટે અવગુણીને ગુણી ત કે પ્રસિદ્ધ કરનાર પામર છે.

૧૧૦ નમીને ચાલનાર અવગુણીના અવગુણોને ઢાંકી ગુણો ગાનાર અપરાધી છે; કારણ કે તેથી સરળ માણસો અવગુણીની ક્ષુદ્ર વાસનાના ભોગ બને છે.

૧૧૧ અધમ આચરણથી પોતાના આત્માનું અહિત કરનાર બહારથી દેખાતી સારી પ્રવૃત્તિથી પણ જગતનું કલ્યાણ કરી શકતો નથી, પણ જનતાને રંજિત કરીને પોતાનો તુચ્છ સ્વાર્થ સાધી શકે છે.

૧૧૨ જનહિતની જાળ પાથરી સદાચારી સરળ આત્માઓને ફસાવીને દુરાચારી બનાવનાર દુર્ગતિનો દાસ છે.

૧૧૩ નિર્મળ પાણી જેવા પવિત્ર પુરુષો પરનો પાપમલ ધોઇ નાંખીને પવિત્ર બનાવે છે.

૧૧૪ પરમ પવિત્ર પ્રભુના આશ્રિતને પાપનો મેલ ચોંટતો નથી.

૧૧૫ સત્યથી સંયમની પ્રાપ્તિ થાય છે અને હૃદય પવિત્ર બની પરમ શાંતિ મેળવે છે.

૧૧૬ નિર્દોષ આનંદથી ચિત્તની પ્રસન્નતા વિકાસ પામે છે.

૧૧૭ શરીરની સુંદરતા વિષયાસક્તને ગમે છે, ત્યારે આત્માની સુંદરતા વિષયવિરક્તને ગમે છે.

૧૧૮ ખોટી પ્રશંસાથી ફૂલાશો નહિ પણ પ્રશંસાનું પાત્ર બનવા પ્રયાસ કરશો.

૧૧૯ વાણી વાવરી જાણનાર દુનિયામાં દેવ તરીકે પૂજાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ન્યાયરત્નાવલિ.

લેખકઃ—મુનિરાજશ્રી ધુરંધરવિજયજી મહારાજ

( અનુસંધાન ગતાંક ૭ ના પૃષ્ઠ ૧૧૬ થી શરૂ )

## ( ૫ )

## अजाबलिन्यायः ॥ ५ ॥

આ ન્યાય ઘણો પ્રસિદ્ધ છે. પૂર્વના સમયમાં બલિદાનનો વિશેષ પ્રચાર હતો. દેવદેવીઓ સમક્ષ કોઇનો પણ ભોગ અપાતો હતો. હાલમાં પણ કોઈ કોઇ સ્થળે તેવા રિવાજો છે. જીવના જ્યાં ભોગો અપાતા તેમાં મોટેભાગે બકરીઓ જ ઉપયોગમાં લેવાતી.

તિર્યંચોમાં-પશુઓમાં ઓછામાં ઓછા સત્ત્વવાળી બિચારી કોઈ હોય તો તે કેવળ બકરી જ છે. એટલે તેનું આવી બનતું. શાસ્ત્રમાં કોઈ નિર્દુષ્ટ પણ સત્ય-યુક્ત તર્કને બીજો સબળ મિથ્યા તર્ક દબાવે ત્યારે આ ન્યાયનો ઉપયોગ કરાય છે.

ઓછા સામર્થ્યવાળાને બળવાન્ પીડે-રંજાડે ત્યારે આ ન્યાય વ્યવહારમાં લાગુ પડે છે.

આ ન્યાયથી બે સમજણો લેવાની છે. એક તો પોતે હીનસત્ત્વ ન થવું-સત્ત્વશાલી થવું કે જેથી બીજા પીડે નહિં અને બીજી પોતાથી અલ્પ શક્તિવાળાને પીડવા-મારવા નહિ. ઊલટું બીજાઓ તેને મારતા હોય તો તેનું રક્ષણ કરવું-તેને બચાવવા. સાહિત્યમાં આ માટે એક સુન્દર સૂક્ત છે—

**व्याघ्रं नैव गजं नैव, सिंहं नैव च नैव च ॥**
**अजापुत्रं बलिं दद्याद्, देवो दुर्बलघातकः ॥१॥**

વાઘને નહિ, હાથીને નહિં અને સિંહને તો નહિં જ, બકરીના બાળકનું બલિદાન દેવાય છે. દેવ દુર્બલનો ઘાત કરનાર છે. આ

---

૧૨૦ માનવી જેટલો ધનવાનને ચહાય છે તેટલો ગુણવાનને ચાહતો નથી તે જ તેની અસાધુતા સૂચવે છે.

૧૨૧ સદાચારીની પાસેથી દુરાચારની માંગણી કરનાર દુર્જનનો અગ્રણી છે.

૧૨૨ આત્મશ્રેય માટે ધન તથા જીવન વાપરતાં કંજુસાઈ કરવી નહિ.

૧૨૩ માન રાખવાની ઇચ્છા હોય તો ભલે રાખો, પણ અપમાન કરાવનાર માનને તો રાખશો જ નહિ.

૧૨૪ બીજું બધુંય માંગતાં શરમ રાખવી પણ સદ્‌ગુણી બનવા સત્પુરુષો પાસેથી ગુણો માંગતાં જરાયે શરમાવું નહિં.

૧૨૫ ભોળપણ અને સરળતાની પણ મર્યાદા હોવી જોઈએ. તેવું ભોળપણ અને સરળતા શા કામની કે જેનો દુર્જનો દુરુપયોગ કરીને આપણી જીવનનૌકાને આપત્તિના ખડક સાથે અથડાવીને વિપત્તિના સમુદ્રમાં ઊંધી વાળે.

૧૨૬ આખુંય જગત સમજાશે નહિં માટે સમજાય તેટલું સમજો, પણ જીવનમાં ઉપયોગી અને જીવને હિતકારી સમજજો; બાકી ન સમજાય તેવું અને જીવનમાં નિરુપયોગી સમજવા બુદ્ધિ તથા સમયને બગાડશો નહિં.

૧૨૭ સાંભળવાની ઇચ્છા થાય તો ભલે સાંભળો પણ આત્મા ઉન્નતિ અને પવિત્ર બને તેવું સાંભળવા ઉત્સુક રહેશો. (ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સૂકત દુર્બલ ન થવા સમજાવે છે. એકંદર આ ન્યાય ત્યાજ્ય છે. ૫

( ૬ )

## अजाकृपाणीयन्यायः ॥ ६ ॥

બકરી અને તરવાર એ બેથી જન્મેલો આ ન્યાય છે. આ ન્યાયમાં થતું અનિષ્ટ કાર્ય અકસ્માત્ થાય છે. તેની ટૂંકી કથા આ છે.

એક બકરી હતી. વનમાં વિચરતી–ચરતી હતી. તેની શોધમાં એક હિંસક–કસાઇ ફરતો હતો. બકરી વારંવાર તેની પાસેથી છટકી જતી હતી એટલે કસાઇને તેના ઉપર ખૂબ ચીડ ચડી હતી. કસાઇને વનમાં તે બકરી મળી ગઈ પણ તે વખતે તેની પાસે તેને મારવાનું કંઇપણ સાધન ન હતું. અકસ્માત્ તે જ વખતે બકરી પોતાના પગવડે ભૂમિને ખોતરવા લાગી. ખોતરેલી જમીનમાંથી કસાઇને તરવાર મળી આવી. કેટલાએક કહે છે કે—

એક થાંભલે એક તરવાર બાંધી હતી. તેનું બન્ધન ઢીલું હતું. એક બિચારી બકરી પોતાની ખજવાળ દૂર કરવા એ થાંભલા સાથે પોતાનું શરીર ઘસવા લાગી. શિથિલ બાંધેલી તરવાર તેના કંઠ પર પડી. આ બન્ને વાતમાં બકરીને પોતાનું વિઘાતક સાધન પોતાના જ પ્રયત્ને અકસ્માત્ ઊભું થયેલ છે. તેમાંથી ઉપર જણાવેલ ન્યાય જન્મ્યો છે.

શાસ્ત્રીય વિષયોમાં જિત મેળવવા માટે જ્યારે વાદ કરવાનો પ્રસંગ ઉપસ્થિત થાય છે ત્યારે મૂર્ખ વાદી પોતાના મન્તવ્યોની ખંડન યુક્તિઓ પોતે જ ભૂલથી પ્રતિવાદીને જણાવી દે છે ત્યારે તે આ ન્યાયનો ભોગ બને છે.

રાજનીતિમાં પોતાની પાસેથી જ પોતાના પરાજયના સાધનો સામો પક્ષ પામી જાય ત્યારે આ ન્યાય લાગુ પડે છે.

કેટલેક સ્થળે આ ન્યાયને **काकतालीयन्याय** અને **खल्वाटबिल्वीयन्याय** સાથે સરખાવવામાં આવ્યો છે. કાગનું બેસવું ને ડાળનું પડવું. ટાલીયાને માથે તાડફળનું પડવું એ પણ આના જેવું છે. તે બન્ને ન્યાયો આગળ ઉપર વિવેચન કરાશે. ન્યાયખંડનખાદ્ય ગ્રન્થમાં શ્રી હર્ષે આ ન્યાયનો ઉપયોગ જુદી રીતે કર્યો છે. તે આ પ્રમાણે-**पाणौ पञ्चवराटकान् पिधाय कश्चित् पृच्छति–कति वराटकाः ? इति। पृष्टश्चाजाकृपाणीयन्यायेन ब्रवीति पञ्चेति।** હાથમાં પાંચ કોડીઓ છુપાવીને કોઈ પૂછે કે કેટલી કોડીઓ છે ? જેને પૂછયું છે તે અજાકૃપાણીય ન્યાયે કહે કે–પાંચ. આ કથનમાં આંધળાની ઇંટની માફક એમ ને એમ પાંચ એવો ઉત્તર સત્ય છે.

જીવનમાં અજાકૃપાણીય ન્યાયનો ભોગ ન બનનાર જ આગળ વધી શકે છે. ૬

( ૭ )

## अजागलस्तनन्यायः ॥ ७ ॥

કેટલીએક બકરીઓને ગળે બે આંચળ જેવા આંગળ જેવડા માંસપિંડ લટકતા હોય છે. તે તદ્દન નિરર્થક છે. કોઇપણ ઉપયોગમાં આવતા નથી. ઉપરના ન્યાયમાં એ હકીકત જણાવેલ છે. ઉપદેશમાં આ ન્યાયનો વિશેષ ઉપયોગ કરાય છે. જેના જીવનમાં કોઈ ઉદ્દેશ નથી–કાંઇ સાધના નથી, તેનુ જીવન બકરીના ગળે રહેલ આંચળ જેવું છે. આ વાત સમજાવતું સુભાષિત સવળી રીતે સમજી જીવનમાં મુકવા જેવું છે.

**धर्मार्थकाममोक्षाणां, यस्यैकोऽपि न विद्यते।**
**अजागलस्तनस्येव, तस्य जन्म निरर्थकम्॥**

આ સૂક્ત વાંચીને કેવળ અર્થ અને કામની જ સાધના કરતા આત્માઓએ એમ ન સમજી લેવું કે અમારો જન્મ નિરર્થક નથી–સાર્થક છે; કારણ કે એ બન્ને પુરુષાર્થ છે. પુરુષાર્થની સાધના કરવાની રીતો ઓર–જુદી જ હોય છે. અર્થના દાસ બનનારા અને વાસનાના ગુલામ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થનારામાં પુરુષાર્થ નથી હોતું. પુરુષાતન વગરના પુરુષાર્થને શું સાધવાના? પુરુષાર્થ સેવાતો હોય-પૌરુષ ફોરવાતું હોય તો નીતિકારને તેનું જીવન નિરર્થક કહેવાને કંઈ કારણ નથી. જન્મને સાર્થક કરવાની ભાવનાવાળા આ ન્યાયથી બચે ને ક્ષણે ક્ષણે કાંઇક સાધી ઉત્કર્ષ મેળવે. ૭.

(૮)

## अजातपुत्रनामोत्कीर्तनन्यायः ॥ ८ ॥

જન્મ્યા પહેલાં પુત્રનું નામ પાડવું એ આ ન્યાયનો અર્થ છે. ભવિષ્યમાં થનાર વસ્તુની સંજ્ઞા પ્રથમથી જ્યાં જણાવવામાં આવે ત્યાં આ ન્યાયનો ઉપયોગ કરાય છે. વ્યાકરણ ગ્રન્થોમાં એ રીતે સંજ્ઞા કરવાની પ્રણાલિ છે. પાણિનિ વ્યાકરણમાં '**इग्यणः सम्प्रसारणम्**'। १।१।४४। એ સૂત્ર સમ્પ્રસારણ સંજ્ઞા કરે છે. ત્યાં ય, વ, ર, ને લ ને સ્થાને ઈ, ઉ, ઋ, ને લૃ હજુ ઉત્પન્ન થયા નથી છતાં તેની સંજ્ઞા બતાવવામાં આવી છે, તે આ ન્યાયને અનુસારે છે. જે માટે પાતંજલ મહાભાષ્યમાં પણ કહ્યું છે-'**भाविनीयं संज्ञा विज्ञास्यते**'। ત્યાં આ ન્યાયને મળતો **सूत्रशाटिका**-ન્યાય છે. તેનો ઉપયોગ કરેલ છે. તેનો ઉપયોગ કેવી રીતે કરાયો છે તે આગળ જણાવાશે.

આ ન્યાયનું વસ્તુ આપણને શ્રી કલ્પસૂત્રમાં મળે છે. શ્રી વર્ધમાનસ્વામીજીનો જન્મ થયો ન હતો ત્યારે પ્રભુના માતાપિતાને એવો સંકલ્પ થયો હતો કે-અમે આ બાળકનું નામ 'વર્ધમાન' એવું રાખીશું. તે પાઠ આ પ્રમાણે છે.

**जप्पभिइं च णं अम्हं एस दारए कुच्छिंसि गब्भत्ताए वक्कंते तप्पभिइं च णं अम्हे हिरण्णेणं वड्ढामो, सुवण्णेणं वड्ढामो, धणेणं धन्नेणं वड्ढामो, जाव संतसारसावइज्जेणं पीइ-सक्करेणं अईव अईव अभिवड्ढामो। तं जयाणं अम्हं एस दारए जाए भविस्सइ तयाणं अम्हे एयस्स दारगस्स एयाणुरूवं गुण्णं गुणनिप्फन्नं नामधिज्जं करिस्सामो 'वद्धमाणु' त्ति ॥९०॥**

'ન્યાયમંજરી'માં આ ન્યાયને જુદી રીતે મૂકયો છે. ત્યાં કહ્યું છે કે-તમે જે આ વ્યાપાર-પ્રવૃત્તિ કરો છો અને કહો છો તે શું પહેલાં કહો છો ને પછી કરો છો? કે પહેલાં કરો છો ને પછી કહો છો? કે બન્ને-કહેવું ને કરવું સાથે થાય છે? તેમાં પ્રવૃત્તિ થયા પહેલાં તેનું કથન થઇ શકે નહિં. કારણ નહિં જન્મેલ પુત્રનું નામ પાડવામાં આવતું નથી. આ રહી ન્યાયમંજરીની એ પંક્તિઓ—

"**यश्चासौ व्यापारः क्रियते चाभिधीयते च, स किं पूर्वमभिधीयते ततः क्रियते पूर्वं वा क्रियते पश्चादभिधीयते युगपदेव वा करणाभिधाने इति। न तावत् पूर्वमभिधीयतेऽनुत्पन्नस्याभिधानानुपपत्तेः। न ह्यजाते पुत्रे नामधेयकरणम्**"। **न्या. मं. पृ. ३४५।**

ન્યાયમંજરીકારે આ ન્યાયનો ઉપયોગ કરતાં એમ સૂચવ્યું છે કે નહિં જન્મેલ પુત્રનું નામ કરવામાં આવતું નથી. વ્યવહારની બહુલતા પણ એમ છે. મોટે ભાગે પુત્ર જન્મ્યા પછી જ નામ પડાય છે પણ પુત્રજન્મ પૂર્વે નામની વિચારણા નહિં થતી હોય એમ મનાય.

આવા ન્યાયો બેધારી તરવાર જેવા હોય છે. તેના ઉપયોગનો આધાર ઉપયોગ કરનારની વિચારધારા ઉપર નિર્ભર રહે છે.

કોઇ સ્થળે **अजात**ને સ્થાને **अज्ञात** એવો પણ પાઠ છે. તેનો અર્થ નહિં જાણેલ એમ થાય, પણ તેથી ભાવમાં ભિન્નતા થતી નથી. સારા કાર્યોના સંકલ્પો અને તેના નામકરણ સંસ્કારો કાર્ય થયા પૂર્વે પણ કરો અને આ ન્યાયને સફલ બનાવો.

ખરાબ કાર્યોના સંકલ્પો પણ ન રાખો, તેના નામની પણ વિચારણા ન કરો અને ન્યાયમંજરીના કથન પ્રમાણે ન્યાયને સાર્થક કરો. ૮.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ધર્મ....કૌશલ્ય.



## પાકો આનંદ માણવાની શરત.
## Pleasures

**જાણી લો કે તમારે આનંદને ખરેખર માણવો તો તેનો ત્યાગ કેવી રીતે કરવો તે તમારે જાણવું જોઇએ.**

વ્યવહારની પૌદ્ગલિક ચીજો ન મળી હોય ત્યાં સુધી તેનો મોહ ખૂબ રહે છે. નાના બાળકને ઘડિયાળ લેવાનો, જરા આગળ વધેલા વિદ્યાર્થીને સુટ( કોટ–પાટલુન )નો, નવોઢા પત્નીને રેશમી સાડીનો ન મળેલ હોય ત્યાં સુધી એટલો બધો મોહ અને શોખ થાય છે કે એને રાતદિવસ એને માટે સપનાં આવે, એની ઝંખના થાય, એ પોતે ઉપયોગમાં લેશે ત્યારે પોતાનું ગૌરવ કેટલું વધી જશે તેનાં કાલાઘેલાં ખ્યાલાતો તેનાં મનોરાજ્ય પર અથડાયા કરે–પણ એ વસ્તુ મળ્યા પછી એનો શોખ ઓસરવા માંડે છે અને પાંચ પંદર દિવસ પછી તો એ વસ્તુની પ્રાપ્તિની મહત્તા તેના દિલ પરથી ઓસરી જાય છે. આનું કારણ શું ?

પૈસા ન હોય ત્યારે પૈસાદારની હવેલી પાસેથી નીકળતાં એના ઘરનો હીંચકો સોનાનો લાગે, એના કચડ કચડ અવાજમાં સંગીત લાગે, એના વિચારમાં મોજ લાગે અને પૈસા આવી જાય–મળી જાય કે પેદા થઇ જાય, ત્યાર પછી એનું માધુર્ય સમાય જાય, એની મોજ હીણી થઈ જાય અને એનું તેજ અવરાઇ જાય. આમ થવાનું કારણ શું ?

અને મળેલ ધન ચાલ્યું જાય, એકઠી કરેલ પૂંજી વેડફાઈ જાય, સંઘરેલ ફરનીચર કચડાઇ જાય, મેળવેલ વસ્તુ ચોરાઈ જાય. જાળવી જાળવીને રાખેલ પેન ( લેખિની ) તૂટી જાય ત્યારે કચવાટનો પાર રહે નહિ, આર્ત્તધ્યાનની પરંપરા ચાલે, એની પાછલ રહસ્ય શું છે ? અને ખાવાના શોખ પૂરા ન થાય, ભાવતી મીઠાઇ ખાવા ડાક્તર મનાઇ કરે, દાંત પડી જવાથી શેરડી ચૂસાય નહિ ત્યારે મનમાં બળાપો થયા કરે. ઘડપણમાં ગાંઠીઆનો લોટ કરીને પણ ગાંઠીઆ ખાવાનો શોખ પૂરો પાડવો પડે, પાન ન ચવાય તો સૂડીથી તેને કાપીને ખારણીમાં ખાંડીને તેને ખાવા પડે અને છતાં તૃપ્તિ ન થાય તેનો બળાપો મનમાં થયા કરે તેનો **હેતુ શો છે ?** આનો જવાબ વિચાર કરતાં બેસી જાય તેવો છે.

**પૌદ્ગલિક સર્વ વસ્તુ** અસ્થિર છે, પુદ્ગલના સર્વ સંયોગો અલ્પકાલીન છે, તેનો વિયોગ ચોક્કસ થવાનો છે અને થાય ત્યારે કચવાટ થવાનો છે એ વાત સમજીને તેની સાથે કામ લેવામાં આવે તો જરાપણ ખેદ થાય તેવી સ્થિતિ ન થાય. પૌદ્ગલિક સ્થૂળ ભોગોને પોતે વખતસર તજી દે તો **ત્યાગમા આનંદ** થાય છે, લીધેલ નિયમો પાળતાં અંદર સંતોષ થાય છે, પરાણે છોડવા પડે ત્યારે કચવાટ-કકળાટ થાય છે. ભાણામાં દૂધપાક આવે, પણ મારે આજે દૂધનો ત્યાગ છે એ વિચારે દૂધપાકને હાથ ન અડાડાય ત્યારે આનંદ થાય છે, પણ વૈદ્યે કરી કરવાની કહી હોય અને તેને છોડવો પડે ત્યારે મનમાં દુઃખ થાય છે. ઈંદ્રિયના સર્વ સ્થૂળ વિષયો માટે આ સર્વકાલીન સત્ય છે. એ તો સ્વયં **સમજીને ત્યાગ** થાય ત્યારે એ અંદર સુખ આપે છે, પ્રેમ અર્પે છે, શાંતિ નીપજાવે છે, પણ એનો પરાણે કે અનિચ્છાએ ત્યાગ કરવો પડે, વય કે અશક્તિને કારણે એને છોડવા પડે ત્યારે ભારે દુઃખ થાય છે.

માટે જો તમારે સ્થૂળ વસ્તુનો આનંદ ખરેખરો માણવો હોય તો તેના ત્યાગને બરાબર જાણી લેવો જોઇએ, જાણીને એનો સાચો અમલ કરવો અને એમ થશે તો ભર્તૃહરિ કહે છે તેમ ' સ્વયં-ત્યક્તા ( પોતે ત્યાગ કરેલા ) એ વિષયો અનંત શમ-સુખ અર્પે છે ' એ સૂત્રની મહત્તા હૃદયમાં જામી જશે; માટે માણવા માટે પણ તેના ત્યાગને બરાબર પીછાની લેવાની અને તેનો વખતસર ત્યાગ કરવાની રીતિને સમજવાની જરૂર છે, માટે સાચી મોજને માણતા શીખો. બાકી ખાઈને રેચ લેવો પડે કે ડાક્તરને ત્યાં આંટા ખાવા પડે એમાં મોજ નથી, માણવાનું નથી, દમ નથી. ચાર દહાડાના ચાંદરણા પાછળ ઘોર અંધારી રાત છે.

---

Know that to really enjoy pleasures you must know how to leave them.

VOLTAIRE ( 28-10-46 ).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ૩૪ )

## મૃત્યુ–Death.

**અરે ભોળા ભાઈ! તું શું મરણથી ડરે છે? અરે ભાઈ! ડરનાર માણસને શું જમરાજા છોડી દે છે? વાત એમ છે કે જમરાજા ન જન્મેલાને કદી પકડતો નથી, માટે જન્મ ન થાય તે માટે પ્રયત્ન કર.**

**આ** દુનિયામાં, આ જીવનમાં, અત્યારના સંયોગોમાં જો એક **વાત ચોક્કસ** હોય તો તે **મરવાની** છે. મોટા માંધાતા હોય કે મોટા દેશી રાજ્યનો દિવાન હોય, તાલીમબાજ હોય કે ગામા હોય, દરરોજ સો બેઠક કરનારા હોય કે પચીશ દંડ કરનાર હોય, પણ એક દિવસ તેને મરવાનું છે એ નિર્ણિત વાત છે. ત્યારે આવી ચોક્કસ વાત હોય, જરૂર હોણહાર હોય, તો પછી **એનાથી ડરવું કેમ બોજે**? એ વાત પાલવે કેમ? અને ડરવાથી યમરાજા કાંઈ છોડી દે છે? એ ગરીબ કે ગભરૂ જાણીને કોઈને જતો કરનાર છે? એણે નમનારને કે ડરનારને, બ્હાવરા બનનારને કે પગે પડનારને–કોઈને છોડ્યા છે? એ છોડે એવું બને એવી જરા પણ આશા છે? ત્યારે નકામા મરણના નામથી ડરીને અરધા શું કામ થવું?

હા, મરણથી **ડરવું નહિ** એ જેટલું જરૂરી છે, તેટલું જ **મરણ ઇચ્છવું નહિ** એ પણ જરૂરી છે. મરવાની હોંશ શા માટે કરવી? ત્યાં કઈ જગ્યાએ તમારા માટે છત્રીપલંગ ઢાળી રાખ્યા છે? અને કયે સ્થાને તમારી રાહ જોઈને તમારું આતિથ્ય કરનાર ખડે પગે ઊભા છે? અહીં જે પાઠ મળ્યો હોય તે બરાબર ભજવવો અને યમરાજ આવે ત્યારે આનંદપૂર્વક વગર વાંધાએ વગર સંકોચે ચાલ્યા જવું, બાકી અહીંથી છૂટકો થાય તો આ બલામાંથી છૂટીએ એવું કદી ઇચ્છવું નહિ. અને જવું ચોક્કસ છે માટે હમેશ તેને માટે **તૈયાર રહેવું**. અહીંના હિસાબો એવી રીતે ગોઠવવા કે જતી વખતે ડચકાં ખાવા ન પડે. કેમે કરીને જીવ ન જાય એવો અહીંનો અભ્યાસ થઈ જવો જોઈએ. આ ત્રણ વાત ધ્યાનમાં રહે–મરણથી ડરવું નહિ, મરણ ઇચ્છવું નહિ અને મરણ માટે તૈયાર રહેવું. તો મરણનો આખો ડંખ નીકળી જાય અને મરણનો ભય નીકળી જાય એટલે બાજી અરધો અરધ જીતી જવાય છે.

બાકી જમરાજ ( મરણનો રાજા ) વગર જન્મેલાને ગ્રહણ કરતો નથી. નામ તેનો નાશ થાય છે, પણ એવું કરવામાં આવે કે જન્મનો ફેરો જ મટી કે અળસાઈ જાય તો પછી જમરાજનું કાંઈ ચાલે નહિ. ત્યારે જમરાજા ઉપર વિજય મેળવવો હોય, એના ડારામાંથી મુક્તિ મેળવવી હોય, એના અધિકારની બહાર જવું હોય તો એક રસ્તો છે: એવી પ્રવૃત્તિ કરવી કે ફરી વાર જન્મમરણના ફેરામાં જ આવવાનું ન થાય, આખો નવો જન્મ જ ન આવે તો જમરાજના સપાટામાંથી બચી જવાય. જમરાજા કોઈને છોડતો નથી, એનો ડર રાખવાથી પણ એ બચાવી લેતો નથી, પણ નહિ જન્મેલા ઉપર તેનો જરા સરખો પણ દોર ચાલતો નથી. એટલે જમરાજથી બચવાનો ઉપાય જન્મવા ઉપર છીણી મૂકવાથી જ પ્રાપ્ત થાય તેમ છે. જન્મના ફેરા ટાળવા હોય તો ચેતનના મૂળ ગુણને બહલાવવા જોઈએ, અહિંસા સંયમ ને તપમાં રત થઈ જવું જોઈએ, પરભાવરમણતા દૂર કરવી જોઈએ, પરિણતિની નિર્મમતા કરવી જોઈએ, અંતરના પ્રેમથી **સદ્ગુણી** જીવન ગાળવું જોઈએ, વૈરવિરોધનો ત્યાગ કરવો અને મનના નિરંકુશ ફાંફાંઓ ઉપર કાબૂ લાવવો જોઈએ. ઇંદ્રિય પર સંયમથી, દેહદમનથી, મન પર અંકુશથી અને આત્મગુણમાં એકતાન જગાવવાથી જન્મમરણના ફેરા ટળે; માટે જો યમરાજ પર વિજય મેળવવો હોય તો પરભાવરમણતા દૂર કરવી, સંયમને ઘરનો બનાવી દેવો અને ધ્યાનધારાના રાજમાર્ગે યોગોત્થાન કરવું. જન્મના ફેરા ટળે એટલે જમરાજનો દોર જાય અને પછી તો સ્વાધીનતા આવે એટલે જમરાજ પણ નમી જાય.

**मृत्योर्बिभेषि किं मूढ ! भीतं मुञ्चति किं यमः ? अजातं नैव गृह्णाति, कुरु यत्नमजन्मनि ॥**

**સુ. ર. ભાંડાગાર વિચાર પ્રકરણ પૃ. ૩૯૨.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ૩૫ )

## આત્મચિંતવન. Self Retrospect.

**મારો કયો દેશ છે? મારાં કોણ મિત્રો છે? અત્યારે કયો કાળ વર્તે છે? કેટલાં આવક અને ખર્ચ છે? હું કોણ છું? મારી શક્તિ કેટલી છે?–આ સર્વ વાતનો વારંવાર વિચાર કરવો.**

**આ**ત્મચિંતવનનો મહિમા મોટો છે, એનાથી વિચાર કરનાર પ્રાણી પર એક જાતની ચાપણ ( brake ) રહે છે, એની ઘોડા દોડાવનારી કલ્પનાશક્તિ પર ચાંપ રહે છે, એના અવ્યવસ્થિત કાર્યો પર મર્યાદા રહે છે અને નકામી દોડધામ, અવ્યવસ્થિત શક્તિના ઉપયોગ પર અંકુશ રહે છે. એટલે પ્રત્યેક પ્રાણીએ બડી પ્રભાતે વહેલા ઊઠી વિચાર કરવો ઘટે કે **પોતે** કોણ છે? **ક્યાંથી આવ્યો છે? શામાટે** અહીં આવ્યો છે? અહીં રહેવાનો **ઉદ્દેશ** શો છે? પોતાનું **સાધ્ય** સાધવા **માટે** પોતે કેટલાં **પગલાં** ભર્યાં છે? એ પગલાં **સાચાં** ભરાયાં છે કે તેમાં મનને મનાવી લેવાની ખાલી ઘેલછા છે? પોતાની સાચી **તાકાત** કેટલી છે? પોતાના સાચા સ્નેહીઓ કોણ છે? તેઓ ખરી સાચી **સલાહ** આપનારા છે? કે તને સારી લાગે તેવી મીઠી વાતો જ કરનારા છે? તેં પોતે તારા **સ્વભાવ**ને કેટલો ઓળખ્યો છે? તું ગામનું સારું ખોટું બોલે છે, પણ તું પોતે કયાં ઊભો છે તેની પારાશીશી કદી મૂકી છે? આવા આવા સવાલો પોતાને **પૂછવા** જોઇએ અને તેના પ્રમાણિક સાચા જવાબ આપવા **જોઇએ**.

અને પછી આજુબાજુ કઇ જાતની **આબોહવા** વર્તે છે? તારો દેશ સ્વતંત્ર છે કે પરતંત્ર છે? તારા દેશના હિતને માટે તેં શો ફાળો આપ્યો છે? તારામાં જેટલી શક્તિ હોય તેને ગોપવ્યા વગર તેં બને તેટલું **દેશહિત** કર્યું છે? તારી સમાજ તરફ કંઇ ફરજ ખરી? તેં દુનિયાનાં **દુઃખદર્દ** ઓછાં કરવામાં તારો ફાળો આપ્યો છે? તેં દેખાવ, ધાંધલ અને **આડંબર**ને તારા જીવનમાં સ્થાન આપ્યું છે? આપ્યું હોય તો કેટલું? શા માટે? કઇ અંદરની ઇચ્છાએ? કોની પ્રશંસા માટે? શા માટે એવી બાહ્ય શુષ્ક પ્રશંસામાં મોહાઇ ગયો?

અને તારી **આવક** કેટલી અને તારો **ખરચ** કેટલો? તું જમે મુડી વાપરી નાખે છે કે તેમાં વધારો કરે છે? તારું પોતાનું (આત્મિક) **ધન તું** વધારે છે કે અવસર એળે જવા દે છે? અગાઉ તો તેં ઘણી **તકો** ગુમાવી છે, પણ આ વખતે જરા પણ ચેત્યો છે કે આવ્યો તેવો ને તેવો પાછો ચાલ્યો જવાનો?

અને તું **પોતે કોણ**? તારી અંદરની **શક્તિ** કેટલી? એ શક્તિ તેં શા કામમાં વાપરી? એ **શક્તિ**નો સંગ્રહ કર્યો કે તેને વેડફી નાખી? એ **શક્તિ** જમાવી કે ઉડાડી દીધી? અને તું જાતે કોણ? તારાં નામ કે ગામ કે કુળ સાથે તારો સંબંધ કેટલો? તેં ઘરબારને **ઘરના ઘર** માન્યા છે કે આશ્રમસ્થાન કે ભાડાના ઘર તુલ્ય ધર્મશાળા માની છે? અને તારા **મનોવિકારો** પર તેં વિજય મેળવ્યો કે એને ફાવે તેમ **પ્રસાર** આપ્યો છે? તું **આંતર રાજ્ય** પર વિજય મેળવી શક્યો છે કે તું એને તાબે થઇ ગયો છે? અને આ બધાં નાટકમાં તું પાઠ ભજવી રહ્યો છે તેને માત્ર નાટક માન્યું છે કે તારી જાતને આજુબાજુની પરિસ્થિતિને અંગે તન્મય બનાવી દીધી છે? **કયાં દોડયો** જાય છે? **કેમ** દોડે છે? **કોણ** દોડાવે છે?

આવા ચિંતવન અને આત્માવલોકનની ટેવ પડે તો પ્રાણી જરૂર માર્ગ પર આવી જાય, એની શક્તિનો નકામો ઉપયાગ થતી અટકાવી શકે અને એ સાધ્યને માર્ગે આવી જાય, બાકી સુકાન વગરના વહાણ જેવી સ્થિતિ થાય તો એ ન રહે ઘરનો અને ન રહે ઘાટનો. ઘણાખરા વિચાર કરતા નથી, કરે તો તેમાં વ્યવસ્થા હોતી નથી, વિચારના જવાબોનો ઉપયોગ કરવાની અંદર શક્તિ હોતી નથી. ધર્મ માર્ગમાં કાશલ્ય દર્શાવનારનું આત્મચિંતવન અનોખું હોય, ભદ્ર હોય, પ્રેરક હોય, પરિણામ નીપજાવનાર હોય અને સાચે રસ્તે પ્રગતિ કરાવનાર હોય, ધર્મ કૌશલ્યનો આદર્શ સંદેશ આત્મચિંતવનનો છે.

**को देशः कानि मित्राणि कः कालः को व्ययागमौ।**
**कश्चाहं का च मे शक्तिरिति चिन्त्यं मुहुर्मुहुः॥** સુ. ર. ભાડાંગાર શાંતરસનિર્દેશ. ૧. (પૃ. ૩૮૩)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ૩૬ )

**Great Intelleciuals.**

**મહાન બુદ્ધિવૈભવી.**

**જેમનાં માન અને મદ જતાં રહ્યાં છે, જેમના આશયનું લોકો અનુમોદન કરે છે, જેમની શરીરકાંતિ શરદઋતુના પૂર્ણ ચંદ્ર જેવી છે અને જેઓ પ્રકૃતિથી સારા વ્યવહારમાં વિહરનારા છે–આવા મહાબુદ્ધિશાળી મનુષ્યો આ દુનિયામાં સુખપૂર્વક જીવન જીવી જાય છે.**

બુદ્ધિશાળી દુનિયાની ટોચ પર જાય છે. એનાં જીવન અનેરા પ્રકારના હોય છે, એનાં જીવનનો વૈભવ ભાત પાડે તેવો હોય છે, એની **ખુમારી** ઓર પ્રકારની હોય છે, એની હાલચાલ અને **રીતભાત** બીજાથી એને જુદા પાડે તેવી હોય છે, એની બોલીચાલી **સભ્યતા** અને શિષ્ટતા એને બીજાથી જુદા પાડે તેવી હોય છે અને એની આખી વર્તના જગત તરફથી પ્રશંસા, પ્રેમ અને પ્રસાદને આકર્ષી શકે તેવા હોય છે.

આવા પ્રાણીમાં માન કે મદનો છાંટો દેખાતો નથી. હોય તેવા બળ ઐશ્વર્યઋદ્ધિ બુદ્ધિનું અભિમાન '**મદ**'ની કોટિમાં આવે અને ન હોય તેવા ગુણ કે મહત્તા પોતામાં હોવાના દાવાની મગરૂબીને '**માન**' કોટિમાં ગણી શકાય. મતલબ ખરા બુદ્ધિશાળીમાં **મનોવિકાર** હોતા નથી. એનામાં ક્રોધ ન હોય, દંભ ન હોય, લોભ ન હોય, કપટ ન હોય, નિંદા ન હોય, ભય ન હોય. આવા અનેક દુર્ગુણોના પ્રતીકરૂપ માન મદને અહીં અગ્રસ્થાન આપવામાં આવ્યું છે. એના પેટામાં સર્વ મનોવિકારો, કષાયો અથવા ષડ્‌રિપુઓને સમજી લેવું. આવા મહાવૈભવશાળીને સુખમય જીવન હોય તેમાં નવાઇ શી? એવા પ્રાણીની હાજરીથી જ આ સંસાર રહેવા લાયક–જીવવા લાયક ગણાય છે.

એવા પ્રાણીઓનો અંદરનો આશય જોયો હોય તો એનાં મનોરાજ્યો જ અનેરાં પ્રકારનાં હોય છે. એ કોઇના ઉત્કર્ષ તરફ આનંદ બતાવે, એ કોઇની સેવા ત્યાગ જોઇ રાજીરાજી થઇ જાય, એ કોઇનાં સુંદર સંભાષણની વાહવા બોલે, એ ધનવાનને જુએ, જ્ઞાનવૃદ્ધને જુએ, વયોવૃદ્ધને જુએ કે સંતપુરુષને જુએ–એટલે એની તારીફ કરે, એના નાના ગુણને બહુ માને મનાવે અને એના સદ્‌ગુણ તરફ હૃદયથી વારી જાય. એનું મગજ જેવું ઉદાર અને આનંદી હોય, તેવી જ એની શરીરની **કાંતિ** પણ આસો માસના ચંદ્રની યાદ આપે તેવી ભવ્ય, સુંદર અને ખેંચાણકારક હોય. એની માનસિક સરળતા અને એની શારીરિક પવિત્રતા, શુચિતા અને સ્વચ્છતા સામાનાં દીલ પર એકદમ સારી અસર કરે તેવી અને તેને માટે અનુમોદના કરાવે તેવી હોય.

અને એ જે વ્યવહારમાં પડેલા હોય, જે વ્યાપાર નોકરી ત્યાગ કે સેવામાં પડેલા હોય ત્યાં **પ્રકૃતિથી જ સારે માર્ગે** વિહરનારા હોય છે, એને ઢોંગ પસંદ ન હોય, એને દેખાવ કરવાની વૃત્તિ ન હોય, એને ગોટા વાળવાની કલ્પના પણ ન હોય, એને પ્રમાણિક સીધો સાદો વ્યવહાર ઘરગતુ થઇ ગયેલો હોય અને એ ગમે તેવા સંયોગોમાં પોતાની જાતને અનુકૂળ બનાવે, કદી અન્ય ઉપર કોપ ન કરે, અન્યનો દ્વેષ ન કરે, અન્ય સાથે સ્પર્ધા ન કરે, અન્ય પર ઉપકાર કરવામાં સંકોચ ન કરે, અન્યનું કામ કરી આપવામાં પોતે કોઇ જાતનો પાડ કરે છે એવો વિચાર પણ ન ધરે–અને આવા માનસિક અને શારીરિક **સ્વાસ્થ્ય**માં રાજી રહી સુખે જીવન ગાળે.

મહાધીમાનનના આ જીવનવર્ણનમાં જ્ઞાન અને ચારિત્રનું અદ્‌ભુત સંમીલન જોવામાં આવે છે, એમાં વ્યવહાર અને વૈરાગ્યનું અસાધારણ મિશ્રણ જોવામાં આવે છે, એમાં મન, વચન અને કાયાના યોગોનું સમીકરણ અને તેની એકવાક્યતા જોવામાં આવે છે, આ બુદ્ધિવૈભવીનું જીવન છે, બાકી સર્વ ફેરા છે, આંટા છે, ખેપ છે. ધર્મમય જીવન જીવવાની ભાવના સેવનારે ધર્મકૌશલ્યના અભ્યર્થીએ આવા જીવનને બહલાવવું ઘટે. **મૌક્તિક**

**विगतमानमदा मुदिताशयाः शरदुपोढशशाङ्कसमत्विषः ।**
**प्रकृतसंव्यवहारविहारिणस्त्विह सुखं विहरन्ति महाधियः ॥** **યોગવાશિષ્ટ**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# યોગમીમાંસા

(સંગ્રા૦ મુનિ પુણ્યવિજય–સંવિજ્ઞપાક્ષિક.)

(ગતાંક પૃષ્ઠ. ૧૯૨ થી શરૂ)

યોગપ્રાપ્તિની મૂળ ભૂમિકા અપુનર્બંધક દશા છે. યદ્યપિ અપુનર્બંધકાદિને પણ જેઓ મિથ્યાત્વની ઉત્કૃષ્ટ સ્થિતિનો માત્ર એક જ વાર બંધ કરે તે 'સકૃદ્બંધક' અને ન કરે તે **અપુનર્બંધક** કહેવાય છે. સકૃત્બંધક જીવ પણ અપુનર્બંધકની યોગ્યતા સંપાદક છે, જેનો સંસાર દોઢ પુદ્ગલપરાવર્ત્ત હોય છે, તે જો કે ચરમાવર્તને પામેલો નથી, કિન્તુ સમીપવર્તી હોવાથી ભાવિમાં પામવાની તેની યોગ્યતા છે. અનંતા પુદ્ગલપરાવર્ત્ત ખપાવી આ સ્થિતિએ–ચરમાવર્તની સામીપ્યમાં પહોંચવું એ પણ વિરલ જીવોમાં સંભવિત છે. જો કે એનું અનુષ્ઠાન તો અપ્રધાન જ છે; છતાં ભગવાન જિનેશ્વરદેવના વ્યવહારવડે અર્થાત્ સદનુષ્ઠાનના અભ્યાસરૂપ ક્રિયાએ કરી અને ગીતાર્થ ગુર્વાદિની પારતંત્ર્યતાએ ભાવિમાં એ અપવર્તનશીલને યોગ્ય થવાથી ક્રમિક શુદ્ધિનું પાત્ર બની શકે છે. એ જીવોને દ્રવ્ય સમ્યક્ત્વ અને દ્રવ્ય દીક્ષાની પ્રાપ્તિ કરાવી મુક્તિમાં મોકલ્યાનો શાસ્ત્રમાં ઉલ્લેખ છે, તથાપિ મુખ્યત્વે યોગની ભૂમિકાનો પ્રારંભકાળ અપુનર્બંધક દશાથી છે અને એ જ મૌનીન્દ્ર વ્યવહારમાર્ગને અર્થાત્ માર્ગમાં પ્રવેશને યોગ્ય છે. એ અપુનર્બંધક જૈન પણ હોઈ શકે અને ઇતર પણ હોઇ શકે. શુદ્ધ અનુષ્ઠાનકારી જીવોના નિરીક્ષણથી જેઓના માનસમાં તે સદનુષ્ઠાનકારી જીવો પ્રત્યે આદર અને બહુમાન પ્રગટ થાય, તથા ભવઉદ્વેગ સહિત શુદ્ધાનુષ્ઠાનકરણની ઇચ્છા થાય, તે જીવો અપુનર્બંધક દશાને પ્રાપ્ત થાય છે. એટલે કે એ જીવો લોકોત્તર ધર્મની પ્રાપ્તિ માટે અધિકારી બને છે. કારણ તેઓના મિથ્યાત્વની અત્યંત મંદતા થઇ ગઇ છે. એટલે એમનું મન અંશમાં શુદ્ધ બનેલું છે. તેથી જ ધર્મબીજના વપન માટે યોગ્ય બનેલું છે. ધર્મબીજ ઉપર કથન મુજબ જ છે. "**१ आदर २ करणे प्रीति ३ अविघ्न ४ संपदागमः ५ जिज्ञासा** (તત્ત્વની જિજ્ઞાસા) **तज्ज्ञसेवा च शुद्धानुष्ठानलक्षणम्**"

આ ધર્મબીજના ઉપાદાન (ગ્રહણ) સમયે જેમ અપ્રમત્ત સરાગ યતિ તેને વીતરાગ દશાની પ્રાપ્તિમાં જેવો અનુભવસિદ્ધ આનંદ અથવા અતિશયનો લાભ થાય છે; કારણ તથાવિધ વિશિષ્ટ ક્ષયોપશમ થયો છે, તેવી જ રીતીએ અભિન્ન ગ્રન્થિ જીવને પણ ચરમાવર્તમાં ચરમ યથાપ્રવૃત્તિકરણના સામર્થ્યથી મિથ્યાત્વની મંદતા અને સમ્યક્ત્વની સન્મુખતા થવાથી તથાવિધ ક્ષયોપશમના યોગે યોગબીજના ઉપાદાન સમયે કોઇ અપૂર્વ માત્ર સ્વાનુભવસિદ્ધ અતિશયિત આનંદ પ્રાપ્ત થાય છે. ધર્મસંગ્રહમાં '**धर्मबीजस्यापि अनुभवैकगम्यत्वं**' ઇત્યાદિ કથનથી પણ સિદ્ધ થાય છે. એટલું વિશેષ કે–આ યોગબીજોનું જિનેશ્વર દેવાદિ પરત્વે પ્રશસ્ત કુશલ ચિત્ત ઇત્યાદિનું ઉપાદાન જૈન દર્શનાભિમત અપુનર્બંધક કરી શકે છે. જ્યારે ઇતર દર્શનાભિમત અપુનર્બંધકમાં તેની યોગ્યતા માત્ર હોય છે. તે જ્યારે જૈન દર્શનમાં આવે ત્યારે આનુ ઉપાદાન કરી શકે છે. સિવાય બીજા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રીમાન્ યશોવિજયજી.

[ ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા, એમ. બી. બી. એસ. ]

**ભક્તશિરોમણિ કવિ તરીકે—**

હવે શ્રી **યશોવિજયજી** એક ઉત્તમ ભક્તશિરોમણિ કવિ તરીકે કેવા સુપ્રતીત થાય છે તે જોઇએ—

શ્રીમાન્ યશોવિજયજીએ ચોવીશી વગેરેની રચના કરી છે, તેમાં પદે પદે અદ્ભુત ભક્તિરસ નિર્ઝરી રહ્યો છે. ઉત્તમ ભક્તિરસનો ધોધ વહેવડાવનારી કૃતિઓ રચનારા ત્રણ ભક્તરાજો સુપ્રસિદ્ધ છે,—શ્રીમાન્ **આનંદઘનજી**, શ્રી. **દેવચંદ્રજી**, શ્રી. **યશોવિજયજી**. તેઓ પ્રત્યેકની શૈલી કંઇ ને કંઇ વિશિષ્ટતાવાળી છે.

**એક તુલના—**

શ્રી **આનંદઘનજી**ના સ્તવનોમાં સહજ સ્વયંભૂ અધ્યાત્મરસની ને તેના પરમ પરિપાક સાથે આત્માનુભવના ચમત્કાર દૃષ્ટિગોચર થાય છે. તેમાં પદે પદે ઉત્તમ કવિત્વમય પ્રસાદ ને માધુર્ય ગુણની નિષ્પત્તિ થાય છે; અને તેની ભાષાશૈલી સરલ, સાદી ને પરમ સંસ્કારી છતાં પરમ અર્થગૌરવવંતી ને પરમાર્થ આશય-ગંભીર-'સાગરવરગંભીરા' છે.

**"આશય આનંદઘન તણો,**
**અતિ ગંભીર ઉદાર;**
**બાલક બાંહ્ય પ્રસરીને;**
**લહે ઉદધિ વિસ્તાર."**

શ્રીમાન્ **દેવચંદ્રજી**ની કૃતિમાં ઉત્તમ તાત્ત્વિક ભક્તિની પ્રધાનતા છે. દ્રવ્યાનુયોગની મુખ્યતાથી પ્રભુનું શુદ્ધ તત્ત્વસ્વરૂપ વિસ્તારથી વર્ણવી, ને તેની ભકિતના કાર્ય-કારણભાવની

---

અપુનર્બંધક અપ્રાપ્ત જીવોમાં તો તેની યોગ્યતા જ હોતી નથી.

અપુનર્બંધક દશા પ્રાપ્ત થાય એટલે મુક્તિ પ્રત્યે અચરમાવર્તમાં ગાઢ મિથ્યાત્વના સહકારથી જે દ્વેષ થયો હતો તે નાબૂદ થઇ જાય છે, અને આત્મીય દશાનો અદ્વેષ (સંસાર પ્રત્યે સહજ ઉદ્વેગ અને મોક્ષ પ્રત્યે સાચી રુચિ) આવી જાય છે. તે તે દ્વેષાદિને સંસારની ઇચ્છાથી સેવે નહિ, બલ્કે સંસારના કાર્યોમાં નિરસતા હોય અને દેવતત્ત્વાદિના કાર્યમાં વધુ રસ હોય. એ જીવને ત્યારબાદ સાચા તત્ત્વની જિજ્ઞાસા થાય, બાદ સદ્ગુરુનું શોધન, એમની પરીક્ષા, એમનો સ્વીકાર, એમની ઉપાસના આ રીતે કરી એ જીવ ક્રમિક શુદ્ધિ કરે અને વાસ્તવિક '**યોગાવંચક**' બને એટલે કે જિજ્ઞાસા અને અર્થિત્વભાવે પરીક્ષાપૂર્વક સદ્ગુરુનો સમાગમ સાધે તથા તેમની ઉપાસના આદિ કરે; તેનું શ્રવણ કરે અને '**जिनेषु कुशलं चित्तम्**' શ્રી જિનેશ્વર દેવના વિષયમાં નિર્મળ ચિત્ત કરે, તથા એમનો સ્વીકાર કરે અને વિશુદ્ધ ભાવે એમને પ્રણામાદિ કરે. વિશુદ્ધિ એને કહેવાય છે કે-'આ પૂજાદિ અનુષ્ઠાન જ સંસારમાં અત્યંત ઉપાદેય છે, પણ અન્ય ઉપાદેય નથી.' એથી જ એ અનુષ્ઠાનની **संज्ञा विष्कंभणान्वितम्**' આહારાદિ દશ પ્રકારની સંજ્ઞા રહિત યા તો રોકવાવડે અને પૌદ્ગલિક ફળોની અપેક્ષા વિના જે આચરણા કરવી તે '**વિશુદ્ધિ**' કહેવાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તલસ્પર્શી સૂક્ષ્મ મીમાંસા કરી, પ્રભુના ગુણાતિશયથી ઉપજતી પરમ પ્રીતિમય ભક્તિ અત્ર મુખ્યપણે ગાવામાં આવી છે. શ્રી. **દેવચંદ્રજી**ની શૈલી પ્રથમ દર્શને કંઇક કઠિન, અર્થઘન ને પ્રૌઢ છે, અને તેમાં ઓજસ્ ગુણની પ્રધાનતા છે; છતાં જેમ જેમ અવગાહન કરીએ-ઊંડા ઊતરીએ, તેમ તેમ ઉચ્ચ કવિત્વના ચમત્કાર યુક્ત ઊંડા ભક્તિરસ પ્રવાહવાળી તે પ્રતીત થાય છે. શ્રી. **દેવચંદ્રજી**નો ભવ્ય જનોને ભાવવાહી સંદેશો છે કે—

**"નિર્મળ તત્વરુચિ થઇ રે**
**મન મોહના રે લાલ.**
**કરજો જિનપતિ ભક્તિ રે,**
**ભવિ બોહના રે લાલ.**
**દેવચંદ્ર પદ પામશો રે, મન૦**
**સુયશ મહોદય યુક્તિ રે. ભવિ"**

શ્રી. **યશોવિજયજી**ની સ્તવનાવલીમાં પ્રેમલક્ષણા ભક્તિ મુખ્યપણે વર્ણવી હોઈ, તે પરમ પ્રેમરસ પ્રવાહથી છલકાતી છે. તેની શૈલી આબાલવૃદ્ધ સમજી શકે એવી અત્યંત સરલ મીઠાશવાળી ને સુપ્રસન્ન હોઇ, સાવ સાદી છે, છતાં ઉત્તમ કવિત્વમય પ્રસાદ ને માધુર્ય ગુણથી સંપન્ન છે, ઉત્તમ ભક્તિરસમાં નિમજ્જન કરાવે એવી છે.

આ પરમ ભક્ત-ત્રિમૂર્ત્તિની તુલના માટે એક સ્થૂલ દૃષ્ટાંત યોજીએ તો શ્રી **આનંદઘનજી**ની કૃતિ સાકરના ઘન જેવી-ચોસલા જેવી છે; અર્થાત્ જેમ જેમ ચગળીએ તેમ મીઠાશ આવ્યા જ કરે છે, અને તેમાં પરિશ્રમ પડતો નથી, તેના અમૃતપાનથી તન-મનનો થાક ઉતરી જાય છે.

શ્રી. **દેવચંદ્રજી**ની કૃતિ શેરડીના ટૂકડા જેવી છે. એટલે તેમાં મીઠાશ તો સર્વ પ્રદેશે ભરેલી જ છે, પણ તેમાં ચાવવાની મહેનત કરવી પડે તેમ છે, તો જ તેની અમૃત સમી મીઠાશની ખબર પડે. અર્થાત્ જેમ જેમ શેરડીનું ચર્વણ થાય-ચાવવામાં આવે તેમ તેમ તેમાંથી રસ આવે, તેની પેઠે જેમ જેમ આ ભક્તિરસ ભંડાર સ્તવનો ઊંડા ઉતરી અવગાહવામાં આવે, તેમ તેમ તેમાંથી રસનિષ્પત્તિ થયા જ કરે-ઓર ને ઓર મીઠાશ આવ્યા જ કરે.

શ્રીમાન્ **યશોવિજયજી**ની કવિતા શેરડીના તાજા રસ જેવી છે. અને તેનું યથેચ્છ મધુર અમૃતપાન સહુ કોઇ તત્કાળ સુગમતાથી કરી શકે એમ છે, તેમાં તકલીફ પડતી નથી.

**ભક્તિરસ જાહ્નવી—**

આ જાગતી જ્યોત જેવા આ ત્રણેય સમ્યગ્દૃષ્ટિ ભક્તરાજોએ ઉત્તમ ભક્તિરસની જાહ્નવી વહાવી, આપણને તેમાં નિરંતર નિમજ્જન કરી પાવન થવાની અનુકૂળતા કરી આપીને આપણા પર પરમ ઉપકાર કર્યો છે. ભાગ્યવંત જનો હોય તે જ તેમાં નિમજ્જન કરી અવશ્ય પાવન થાય છે ને યથેચ્છ આત્માનંદ લૂંટે છે.

અત્રે શ્રી **યશોવિજયજી**ના ભક્તિરસમય સ્તવનોમાંથી બે ત્રણ ઉદાહરણ લઇએ, તે પરથી આપણને આ સુપ્રતીત થશે—

**"અજિત જિણંદશું પ્રીતડી,**
**મુજ ન ગમે બીજાનો સંગ કે."**

× × ×

**"કાળ લબ્ધિ મુજ મતિ ગણો,**
**ભાવ લબ્ધિ તુમ હાથે રે;**
**લડથડતું પણ ગજ બચ્ચું,**
**ગાજે ગજવર સાથે રે."**

× × ×

**"લઘુ પણ હું તુમ મન નવિ માવું રે,**
**જગગુરુ તુમને દિલમાં લાવું રે!**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**કુણને એ દીજે સાબાશી રે ?**
**કહો શ્રી સુવિધિ જિણંદ વિમાસી રે ?"**

× × ×

**" પ્રભુપદ વલગ્યા તે રહ્યા તાજા,**
**અલગા અંગ ન સાજા રે;**
**વાચક યશ કહે અવર ન ધ્યાઉં,**
**એ પ્રભુના ગુણ ગાઉં રે. "**

ઇત્યાદિ, ઇત્યાદિ.

ભક્તિ માટેની પ્રેરણા કરતાં ને ભક્તિમાર્ગની ઉત્કૃષ્ટતા ઉપદેશતાં શ્રી **યશોવિજયજી**એ પોતાના અનુભવના નિષ્કર્ષરૂપ–નીચોડરૂપ પરમ મનનીય ઉદ્ગાર કહ્યા છે કે—

**" सारमेतन्मया लब्धं श्रुताब्धेरवगाहनात्।**
**भक्तिर्भागवती बीजं परमानंदसंपदाम् ॥ "**

દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા.

અર્થાત્—મેં જે આ શ્રુતસાગરનું અવગાહન કર્યું, તેમાંથી મને આ આટલો જ સાર મળ્યો છે કે–ભાગવતી ભક્તિ અર્થાત્ ભગવંતની ભક્તિ એ જ પરમાનંદ સંપદાઓનું બીજ છે. બીજમાંથી વૃક્ષ થાય તેમ આ ભક્તિ–બીજમાંથી પરમાનંદ સંપદાના સ્થાનરૂપ મોક્ષ વૃક્ષ ફાલીફૂલીને અવશ્ય મોક્ષફલ આપશે જ. તાત્પર્ય કે ભક્તિ એ મુક્તિનું અમોઘ ને ઉત્તમ કારણ છે. અન્ય જ્ઞાની ભક્તશિરોમણિઓએ પણ આનો પ્રતિધ્વનિ કર્યો છે:—

**" જિન પેં ભાવ વિના કબૂ,**
**છૂટત નહિં દુઃખ દાવ. "**
**" પર પ્રેમ પ્રવાહ બઢે પ્રભુસે,**
**સબ આગમ ભેદ સુઉર બસે. "**

—શ્રીમદ્ રાજચંદ્રજી.

**" જિનપતિભક્તિ મુક્તિના મારગ.**
**અનુપમ શિવસુખ કંદો રે;**
**જિનવર વિચરંત વંદો."**

—શ્રી૦ દેવચંદ્રજી.

## " જૈન સમાજને વિનંતી. "

તાજેતરમાં શ્રી શત્રુંજય ગિરિરાજ ઉપર બિરાજમાન મૂળનાયક શ્રી આદીશ્વર ભગવાનના પલાંઠી નીચે પાટલીમાં નીચે મુજબના લેખવાળા ફોટાઓ વેચાય છે:—

**" प्रतिबिंबमिदं शत्रुंजयतीर्थाधिपतेः श्रीआदीश्वरप्रभोः। प्रतिष्ठितं श्रीमंगलविजय-मेरुविजयसातीर्थ्ययुतैः स्व० विजयदानसूरीशपट्टधरैः सि० श्रीविजयप्रेमसूरीशैः । विक्रम २००१ फा. शु. ३ गुरुवा० ॥ "**

મૂળનાયક શ્રી આદીશ્વર ભગવાનની પલાંઠી નીચે આવો કોઈ લેખ છે જ નહી તેથી આવા ફોટાઓથી જાહેર જનતાએ ખોટા ભ્રમમાં પડવું નહી. જે કોઇએ આ કાર્ય કરેલ તે ઘણું જ અઘટિત છે અને તે અટકાવવાના કાર્યમાં અમોને સહકાર આપવા જૈન સમાજને અમારી વિનંતિ છે.

આવા ફોટાઓનું વેચાણ તાત્કાલિક બંધ થવું જોઇએ. જૈન સમાજને અમારી આગ્રહભરી વિનંતી છે કે આવા ફોટાઓ કોઇએ ખરીદવા નહી અને ભવિષ્યમાં આવા ફોટાઓનો દુરૂપયોગ થતો અટકે તે માટે જેની પાસે આવા ફોટાઓ અગર નેગેટીવ હોય તે અમોને મોકલી આપવા.

**શેઠ આણંદજી કલ્યાણજી,**
ઝવેરીવાડા–**અમદાવાદ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી મહાવીર સ્તવન.

લેખકઃ-" લાલન "

## સૂચના.

[ જૈન શાસનમાં આનંદઘનજીની ચોવીસીના શ્રી પાર્શ્વનાથ અને શ્રી મહાવીરસ્વામીના છેલ્લા બેસ્તવનોનો ગુજરાતી ટબો અનુક્રમે આનંદઘનજી, નામે જ્ઞાનવિમલસૂરિ તથા જ્ઞાનસાર મુનિના રચેલા છે.

પરંતુ ભાઇ દામજી કેશવજીને સુરતના ભંડારમાંથી શ્રી આનંદઘનજીના પોતાના રચેલા શ્રી પાર્શ્વનાથ અને શ્રી મહાવીરસ્વામીનાં બે સ્તવનો સાંપડ્યાં અને "જૈન યુગ" નામના માસિકમાં પ્રગટ થયા હતા અને એ સ્તવનોનો સંક્ષિપ્ત ભાવ સદ્ગુણાનુરાગી શ્રી કર્પૂરવિજયજીએ તેમાં લખ્યો પરંતુ લેખકે તે સૂચવ્યો છે.

શ્રી આનંદઘનજી મહારાજનો આશય લેખકની કક્ષામાં આવેલા અથવા એથી નીચેની કક્ષામાં આવેલા લેખકની ખામી દેખાડે તે દૂર કરવાનો અને ખૂબી દેખાડે તો વિશેષ વિશદ કરાવવાનો આશય રાખ્યો છે, એજ આ સ્તવન વિવેચન સહિત લખી પ્રસિદ્ધ કરવાનું પ્રયોજન છે. ]

### ભાવોદ્ઘાટન.

શ્રી વીરપ્રભુના સાક્ષાત્ દર્શન કોણે કરાવ્યા એ આ ગાથામાં શ્રી આનંદઘનજી પ્રગટ કરે છે.

**વીર જિનેશ્વર પરમેશ્વર જયો,**
**જગજીવન જિન ભૂપ;**
**અનુભવ મિતે રે ચિત્તે,**
**હિતકરી દાખ્યું સ્વરૂપ. ૧**

જો કે શ્રી વીરપ્રભુ વિક્રમ સંવત પહેલાં ૬૦૦ વર્ષે તીર્થંકરરૂપે ભારતમાં વિચરતા હતા, તથાપિ ૧૯ મી સદીમાં મને એમના સાક્ષાત્ દર્શન થયા અને એ દર્શન જ્યારે મેં એમના દાખવેલા માર્ગે અનુભવ-ચક્ષુથી જોયું ત્યારે વીરપ્રભુએ મને શાશ્વત જીવન અપાવ્યું એટલુંજ નહિ, પરંતુ જગજીવ અર્થાત્ સર્વ જીવોને સાક્ષાત્ જીવનનો એ જીવે દાખવેલા માર્ગે અનુભવ કરી જુએ તો માલમ પડે કે વીરપ્રભુ સાક્ષાત્ એવા જ છે કે જેવો પોતાનો આત્મા સાક્ષાત્ છે. ફેર એટલો કે પ્રભુને કેવળ દર્શન છે, અને મને અનુભવ-ચક્ષુથી દર્શન છે, એ પ્રભુનો જય છે.

### ૨ ઉત્થાનિકા.

આ ગાથામાં પ્રભુ વીરે શકિતરૂપે રહેલો આત્મા પ્રગટરૂપે અનુભવ મિત્રને દાખવ્યો તેનું સ્વરૂપ છે.

**જેહ અગોચર માનસ વચનને,**
**તે અતીંદ્રિય રૂપ;**
**અનુભવ મિતે રે વ્યક્તિ શક્તિ શું,**
**ભાખ્યું તારૂં સ્વરૂપ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



### ભાવોદ્ઘાટન.

જે મનને અગમ્ય અને ઇંદ્રિયોને અગોચર એવું પ્રભુ મહાવીરનું સ્વરૂપ છે તે મને મારામાં શકિત રૂપે જે હતું, અપ્રગટ રૂપે હતું, તે વ્યકિતથી અર્થાત્ પ્રગટરૂપે મને મારા અનુભવ ચક્ષુએ વીર પ્રભુનું સ્વરૂપ દેખાડયું એ વીરપ્રભુનો જય હો.

### ૩ ઉત્થાનિકા.

આ ગાથામાં અનુભવરૂપી સૂર્ય નય, નિક્ષેપ અને પ્રમાણથી પણ ન જણાય તે અનુભવરૂપી સૂર્ય જણાવી શકે છે તેનું વર્ણન છે.

**નય નિક્ષેપે જે નહિં જાનીએ,**
**નાવ જીહાં પ્રસરે પ્રમાણ;**
**શુદ્ધ સ્વરૂપે રે તે બ્રહ્મ દાખવે,**
**કેવળ અનુભવ જાણ.**

### ભાવોદ્ઘાટન.

જે સપ્ત નય અને સપ્ત નિક્ષેપથી જણાય નહિ, તેમજ બે ગાથા ત્રણ ચાર છ પ્રમાણોથી પણ ન જણાય તે અનુભવરૂપી સૂર્ય શુદ્ધ બ્રહ્મ સ્વરૂપનું અર્થાત્ શુદ્ધ સ્વરૂપનું દર્શન કરાવી શકે છે.

**નોંધઃ**—(૧) બે પ્રમાણ એ કહેવાય કે પ્રત્યક્ષ અને પરોક્ષ.

ત્રણ પ્રમાણ એ કહેવાય કે પ્રત્યક્ષ, અનુમાન અને આગમ.

ચાર પ્રમાણ એ કહેવાય કે —

પ્રત્યક્ષ, અનુમાન, આગમ અને ઉપમાન.

છ પ્રમાણ એ કહેવાય કે–પ્રત્યક્ષ, અનુમાન, આગમ, ઉપમાન, ઐતિહાસિક અને અર્થાપત્તી.

**નોંધ** (૨) ઐતિહાસિક એટલે ઈતિહાસનું પ્રમાણ. પૂર્વે બનેલા બનાવોનું પ્રમાણ અને અર્થાપત્તી એટલે પરોક્ષ રીતે પ્રત્યક્ષને ચીંધવું તે. જેમકે આ માણસ જાડો છે. દિવસે આહાર કરતો નથી. આનો વિચાર કરતાં વિચારકને જણાય કે જ્યારે જાડો છે અને દિવસે ખાતો નથી અને ખાધા વિના તો જાડો થાય નહિ તે છતાં જાડો છે, માટે અવશ્ય રાત્રે ખાય છે જ. એને ન્યાયશાસ્ત્રમાં અર્થાપત્તિ પ્રમાણ કહે છે.

### ૪ ઉત્થાનિકા.

શાસ્ત્ર જો કે માર્ગદર્શક છે, સાધ્યને દેખાડે છે પરંતુ એ પણ સાધ્ય સુધી લઈ જતા નથી, એનુ વર્ણન આમાં છે, એટલું જ નહિં પરંતુ સાધક જિજ્ઞાસુ તો વિઘ્નોને દૂર કરી સાક્ષાત્ **અનુભવ**–સાધ્યનો ભેટો કરાવે છે.

**અગમ અગોચર અનુપમ અર્થનો,**
**કોણ કરી જાણે રે ભેદ;**
**સહજ વિશુદ્ધે રે અનુભવ વયણ જે,**
**શાસ્ત્ર તે સઘળા રે ખેદ.**

### ભાવોદ્ઘાટન.

આ ગાથામાં અનુભવ વચનમાં આવતો નથી અને શાસ્ત્રો તો વચન છે, માટે શાસ્ત્ર માર્ગદર્શક ખરા, પરંતુ સાધ્યનો ભેટો કરાવનાર નહિ, માટે એ તો જુદા જુદા માર્ગો દેખાડે છે. અર્થાત્ શાસ્ત્રે દેખાડેલા માર્ગે જિજ્ઞાસુએ **પોતે** જવું જોઇએ.

### ૫ ઉત્થાનિકા.

આ ગાથામાં શાસ્ત્ર કયાં સુધી કાર્યસાધક છે, અને અનુભવ વિઘ્નને દૂર કરી કાર્યને સાધકરૂપ થાય છે તેનું વર્ણન આમાં છે.

**દિશી દેખાડી રે શાસ્ત્ર સવી રહે,**
**ન લહે અગોચર વાત;**
**કારજ સાધક બાધક રહિત જે,**
**અનુભવ મિત્ત વિખ્યાત.**

### ભાવોદ્ઘાટન.

શાસ્ત્ર જે દિશાએ ગમન કરવાથી સાધ્યને પહોંચાય તે દિશા દેખાડી ત્યાં રહે, અર્થાત્ અટકે પરંતુ જે શબ્દથી ન જણાય તે શાસ્ત્ર જણાવી શકે નહિં, પરંતુ અનુભવનો સાધક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જિજ્ઞાસુના માર્ગમાં બાધા કરનાર વિઘ્નોને દૂર કરીને કાર્યની સિદ્ધિ કરાવે.

**૬ ઉત્થાનકા.**

Friends do not keep servant. અર્થાત્ સત્ય મિત્ર પોતાના મિત્રોથી છાનું રાખતા નથી.

**અહો ચતુરાઇ રે અનુભવ ચિત્તની,**
**અહો તસ પ્રિત પ્રતિત;**
**અંતરજામી સ્વામી સમીપને,**
**રાખી મિત્તસુ રીત.**

**ભાવોદ્‌ઘાટન.**

મારા આત્મામાં જ પરમાત્મા વીરના સાક્ષાત દર્શન કરાવનાર જે કોઇ હોય તો હે અનુભવ મિત્ર ! તું જ છે. ધન્ય છે તારી ચતુરાઇને કે સમીપમાં સમીપ, અર્થાત્ મારા અંતરાત્મામાંની સમીપમાં સમીપ એવા પરમાત્મા વીરને તેં સાક્ષાત દેખાડ્યા.

**૭ ઉત્થાનકા.**

અનુભવે કરાવેલી કાર્યસિદ્ધિ અને તેથી જિજ્ઞાસુ સાધકને ઉદ્‌ભવેલો આનંદઘન.

**અનુભવ અંગે રે રંગે પ્રભુ મળ્યા,**
**સફળ ફળ્યા સવિ કાજ;**
**નિજ પદ સંપદ જે તે અનુભવે,**
**આનંદઘન મહારાજ.**

**ભાવોદ્‌ઘાટન.**

અનુભવ અને જેનો અનુભવ કરવો તે બન્નેનો સંગ થતાં નિજપદ એટલે આત્મપદની સંપત્તિ અર્થાત્ અનંતચતુષ્ટય મારામાં છે એ આત્મા તે જ આનંદઘન મહારાજ છે. આમ ક્ષાયિક સમકિતવાનને યથાખ્યાત ચારિત્ર થતાં અનુભવ થાય છે અને અનંત ચતુષ્ટય તો અર્થાત્ અનંત જ્ઞાન (અથવા ચિદ્‌ઘન), અનંત દર્શન અર્થાત્ સદ્‌ઘન, અનંત ચારિત્ર અર્થાત્ આનંદઘન ઉદ્‌ભવે છે.

---

## શ્રી શત્રુંજય સ્તવન.

રચયિતા–**મુનિશ્રીલક્ષ્મીસાગરજી-પ્રાંતિજ**

( રાગ–કાલીકમલીવાલે તુમપે લાખો સલામ )

જિનવર જગ આધાર, કરીએ નિત્ય પ્રણામ
ભવિજનોને સુખકાર કરીએ નિત્ય પ્રણામ–ટેક

( સાખી )

નાભિનંદન ભવદુઃખ ભંજન
સન્મતિ આપો અલખનિરંજન
કરજો ભવથી પાર કરીએ નિત્ય પ્રણામ જિન ૧

( સાખી )

તેજો મય તુજ મૂર્ત્તિ સારી
ભવજલ નિધિથી લે ઉદ્ધારી
સફળ કરો અવતાર કરીએ નિત્ય પ્રણામ જિ૦૨

( સાખી )

મુકટ મણિ શત્રુંજયગિરિના
વાર કરો મુજ અંતર અરિના
સઘળે તુજ જયકાર કરીએ નિત્ય પ્રણામ જિ૦૩

( સાખી )

સાધુ સંતને અતિશય ભાવો
આત્મજ્યોતિ ઉજ્વલ પ્રગટાવો
સકલ દોષ હરનાર કરીએ નિત્ય પ્રણામ જિ૦૪

( સાખી )

સાત્વિક બુદ્ધિ સહુને આપો
શિવ **લક્ષ્મીસાગર**માં સ્થાપો
**અજિત** પદ દાતાર કરીએ નિત્ય પ્રણામ જિ૦૫

---

## મનુજ ભવ સફળ કરી લ્યો !

( રાગ–મીઠા લાગ્યા છે મને આજના ઉજાગરા )

બેઠા છો કેમ તમે નવરા થઇને,
નિંદા કરો ન લગાર રે મનુજભવ સફલ
કરી લ્યો. ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રભુના ધ્યાનમાં–ભજનની ધુનમાં,
સંસાર કાર્ય કરો ત્યાગ રે. મનુજ૦ ૨
કર્યા છે ધંધા દ્રવ્યને ગુમાવી,
કીધો ન પુણ્યનો વિવેક રે. મનુજ૦ ૩
ક્ષમા ને નમ્રતા હેતે સ્વીકારો,
એળે ન કાઢો અવતાર રે. મનુજ૦ ૪
સિનેમા નાટકો અંધ થઈ જોયા,
ચુકયા છો ધર્મનો પંથ રે મનુજ૦ ૫
બંધાવ્યા મ્હેલને બાગ વસાવ્યા,
દિધાં ન દીનને દાન રે. મનુજ૦ ૬
મોજ કેરાં સાધનોમાં માનવતા ભૂલ્યા,
પામ્યા ન ધર્મ કર્મ મર્મ રે. મનુજ૦ ૭
ધર્મના જહાજમાં બેસી ભવિજન,
પામો ગુરૂજી સુકાન રે. મનુજ૦ ૮
બુદ્ધિને જોડો ધર્મના સુપંથમાં,
લક્ષ્મીસાગર ને પમાય રે. મનુજ૦ ૯

રચયિતા–મુનિરાજ **લક્ષ્મીસાગરજી** મહારાજ
**પ્રાંતિજ** A. P. R.

### સુધારો.

ગયા નવમા જ્યેષ્ઠ માસના અંકમાં પા. ૨૦૩ આનંદઘનજીકૃત મહાવીરસ્વામીના સ્તવનની ચોથી લીંટીમાં દેવર્ધિગણી ક્ષમાશ્રમણ છપાયેલ છે તેને બદલે " શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ " એમ વાંચવું

## વર્તમાન સમાચાર.

શ્રી સંઘના ભાગ્યોદયે આ વર્ષનું ચાતુર્માસ કરવા શ્રી સંઘની વિનંતિથી પરમકૃપાળુ આચાર્ય, મહારાજ શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજના વિદ્વાન શિષ્ય શ્રીમાન્ શ્રી વિજયલાવણ્યસૂરિજી મહારાજ સપરિવાર અત્રે પધાર્યા છે. તેઓની વિદ્વત્તાપૂર્ણ ઉપદેશ–વ્યાખ્યાન વાણીનો અનુપમ લાભ અહીંના ચતુર્વિધ સંઘને મળશે. શ્રી ભાવનગર સંઘના સુભાગ્યે આવા વિદ્વાન્ મુનિમહારાજાઓનો યોગ પ્રાપ્ત થયો છે, થાય છે.

## પ્રભુ પ્રવેશ મહોત્સવ.

આ સભાના લાઇફ મેમ્બરો ભાઈ **મોહનલાલ** તથા **નંદલાલ જગજીવનદાસ** સલોત, આ શહેરના કાપડના મ્હોટા વેપારી અને સંઘની પ્રતિષ્ઠિત વ્યક્તિઓ છે. તેઓના સદ્ગત પૂજ્ય પિતાજી સલોત જગજીવનદાસ કુલચંદના આત્મશ્રેયાર્થે શહેર ભાવનગર મ્હોટા જિનમંદિરની ભમતીમાં નૂતન બનાવેલ જિનમંદિરમાં શ્રી **અભિનંદન**સ્વામી તથા શ્રી **શાંતિનાથ** પ્રભુજી તથા અન્ય પ્રભુઓના પ્રવેશ મહોત્સવ ગયા જેઠ વદી ૧૦ ના રોજ હતો, તે નિમિત્તે શ્રી શત્રુંજયની રચના, અઠ્ઠાઇમહોત્સવ અને શાંતિ સ્નાત્ર મહાપૂજા વગેરે માંગલિક કાર્યો કરવા બંને બંધુઓએ રૂા. ૩૧૦૦) શ્રી સંઘને ચરણે ધરી આદેશ લીધો હતો. દરરોજ વિવિધ પૂજા, વાજિંત્રો સાથે સુંદર રાગરાગિણી, ભણાવવામાં આવતી હતી, આંગી રોશની ભાવના પણ થતી હતી. શાંતિસ્નાત્ર જેઠ વદિ ૧૧ ના રોજ હતું. શ્રી સંઘના તમામ ભાઇ બ્હેનોનો ભક્તિભાવ, ઉત્સાહ, આનંદ ઘણો જોવામાં આવતો હતો. એ રીતે ઉત્સાહપૂર્વક બંને બંધુઓએ પરમાત્માની ભક્તિ અને પિતૃભક્તિ કરી હતી. બંને દેવાધિદેવોનો જિનમંદિરમાં પ્રવેશ કરાવવાનો આદેશ શેઠ પરમાણંદદાસ નરશીદાસ અને ડાયાલાલ હરિચંદ વકીલે લીધો હતો. દરેક ક્રિયાઓ કરાવવામાં આચાર્ય મહારાજ અને તેમના વિદ્વાન શિષ્ય શ્રી દક્ષવિજયજી અને સુશીલવિજયજી વગેરે મહારાજની મુખ્યતા હતી.

### સ્વ. જગજીવનદાસ નરોત્તમદાસનો સ્વર્ગવાસ.

વૈશાખ સુદી ૧૩ ને શનિવારના રોજ તેઓ પંચત્વ પામ્યા છે. તેઓ મિલનસાર, શ્રદ્ધાળુ અને સરલ હતા. આ સભાના ઘણા વર્ષથી લાઇફ મેમ્બર હતા. તેઓના આત્માને અખંડ અનંત શાંતિ પ્રાપ્ત થાઓ એવી પ્રાર્થના કરીયે છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૪૪ મું

અંક ૧ થી ૧૨ :: સને ૧૯૪૬-૪૭

સંવત ૨૦૦૩

: પ્રકાશક :

શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

[ પુસ્તક ૪૪ મું ]

( સં. ૨૦૦૨ ના શ્રાવણ માસથી સં. ૨૦૦૩ ના આષાઢ માસ સુધીની )

## વાર્ષિક વિષયાનુક્રમણિકા

### ૧. પદ્ય વિભાગ


| નંબર | વિષય | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | શ્રી પાર્શ્વનાથ સ્તુતિ | ( મુનિરાજશ્રી પૂર્ણાનંદવિજય ) | ૧ |
| ૨. | ગુરુ સ્મરણ | ( ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા ) | ૧ |
| ૩. | ઉવસગ્ગહરં સ્તોત્ર : અનુવાદ | ( હીરાચંદ ઝવેરચંદ શાહ ) | ૧૮ |
| ૪. | શ્રી પદ્મનાથ સ્તુતિ | ( મુનિરાજશ્રી પૂર્ણાનંદવિજયજી ) | ૨૧ |
| ૫. | સેવાધર્મ | ( ગોવીંદલાલ ક. પરીખ ) | ૨૨ |
| ૬. | સંતિકરં સ્તોત્ર : અનુવાદ | ( હીરાચંદ ઝવેરચંદ શાહ ) | ૩૯, ૫૯ |
| ૭. | શ્રી મહાવીરસ્વામીનું સ્તવન | ( મુનિશ્રી લક્ષ્મીસાગરજી ) | ૪૧ |
| ૮. | જ્ઞાનગીતા શતક | ( અમરચંદ માવજી શાહ ) | ૫૫,૯૯,૧૨૬,૧૪૨,૧૭૮,૧૯૧ |
| ૯. | નૂતન વર્ષાભિનંદન | ( મુનિરાજશ્રી હેમેન્દ્રસાગરજી ) | ૬૧ |
| ૧૦. | શ્રાદ્ધ ભાવના | ( મુનિરાજશ્રી પૂર્ણાનંદવિજયજી ) | ૬૨, ૧૦૭ |
| ૧૧. | વર્ષાભિનંદન સ્તુતિ | ( મુનિશ્રી વિનયવિજયજી ) | ૮૧ |
| ૧૨. | શ્રી પદ્મપ્રભુ સ્તવન | ( મુનિશ્રી હેમેન્દ્રસાગરજી ) | ૮૨ |
| ૧૩. | સામાન્ય જિન સ્તવન | ( મુનિશ્રી દક્ષવિજયજી ) | ૧૦૮ |
| ૧૪. | શ્રી નેમિજિન સ્તવન | ( મુનિશ્રી જયાનંદવિજયજી ) | ૧૦૮ |
| ૧૫. | શ્રી ધર્મનાથ સ્તવન | ( મુનિરાજશ્રી હેમેન્દ્રસાગરજી ) | ૧૨૭ |
| ૧૬. | શ્રી મહાવીર જીવનપ્રસંગ | ( ,, ) | ૧૨૮ |
| ૧૭. | વીર-વન્દના | ( મુનિરાજ પૂર્ણાનંદવિજય ) | ૧૪૭ |
| ૧૮. | શ્રી મહાવીર જન્મ કલ્યાણક સ્તવન | ( મુનિરાજ દક્ષવિજયજી ) | ૧૪૮ |
| ૧૯. | શ્રી મહાવીર જન્મ જયંતિ | ( ,, ) | ૧૪૮ |
| ૨૦. | શ્રી મહાવીર જિન સ્તવન | ( ,, ) | ૧૬૭ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| નંબર વિષય | લેખક | પૃષ્ઠ |
|---|---|---|
| ૨૧. મંદિરિયે ચાલો જિણંદના | ( મુનિશ્રી યશોભદ્રવિજયજી ) | ૧૬૮ |
| ૨૨. મનોવેગ | ( ગોવીંદલાલ ક. પરીખ ) | ૧૬૮ |
| ૨૩. અધ્યાત્મ ઓચ્છવ ગીત | ( મુનિરાજશ્રી દક્ષવિજયજી ) | ૧૮૭ |
| ૨૪. શ્રી વર્દ્ધમાન જિન સ્તવન | ( મુનિરાજશ્રી ધુરંધરવિજયજી ) | ૨૦૭ |
| ૨૫. શ્રી ભાગવતી દીક્ષા | ( મુનિરાજશ્રી દક્ષવિજયજી ) | ૨૦૮ |
| ૨૬. શ્રી શત્રુંજય સ્તવન | ( મુનિશ્રી લક્ષ્મીસાગરજી ) | ૨૨૫ |
| ૨૭. મનુષ્યભવ સફળ કરી લ્યો | ,, | ૨૨૫ |

## ૨. ગદ્ય વિભાગ

| | | |
|---|---|---|
| ૧. નૂતન વર્ષનું મંગળમય વિધાન | ( શ્રી ફતેહચંદ ઝવેરભાઇ શાહ ) | ૨ |
| ૨. વિચારશ્રેણી | ( આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી ) | ૮, ૬૫૪, ૨૧૧ |
| ૩. ધર્મ કૌશલ્ય : ૪ ( ૧–૪ ) | ( મૌક્તિક ) | ૧૧ |
| ,, ૪ ( ૫–૮ ) | ,, | ૫૦ |
| ,, ૪ ( ૯–૧૨ ) | ,, | ૬૭ |
| ,, ૪ ( ૧૩–૧૬ ) | ,, | ૯૭ |
| ,, ૪ ( ૧૭–૨૦ ) | ,, | ૧૧૮ |
| ,, ૪ ( ૨૧–૨૪ ) | ,, | ૧૫૯ |
| ,, ૪ ( ૨૫–૨૮ ) | ,, | ૧૭૯ |
| ,, ૪ ( ૨૯–૩૨ ) | ,, | ૧૯૩ |
| ,, ૪ ( ૩૩–૩૬ ) | ,, | ૨૧૫ |
| ૪. સેવાનું સ્વરૂપ અને મહત્વ | ( અનુ૦ અભ્યાસી ) | ૧૫ |
| ૫. સાપેક્ષ નિરપેક્ષ દૃષ્ટિ | ( સં. પા. મુનિશ્રી પુણ્યવિજયજી ) | ૧૭ |
| ૬. યુગપ્રધાન શ્રી વિજયાનંદસૂરીશ્વરજી | ( મુનિશ્રી લક્ષ્મીસાગરજી ) | ૧૯ |
| ૭. ભયની સીમા | ( આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી ) | ૨૩ |
| ૮. પરિગ્રહમીમાંસા | ( મુનિરાજશ્રી ધુરન્ધરવિજયજી ) | ૨૭, ૫૭, ૯૫ |
| ૯. તત્ત્વસાર | ( સં. પા. મુનિશ્રી પુણ્યવિજયજી ) | ૩૦, ૫૪, ૭૧ |
| ૧૦. સુક્તમુક્તાવલિ | ( મુનિશ્રી લક્ષ્મીસાગરજી ) | ૩૧ |
| ૧૧. શ્રી હેમચંદ્રાચાર્યની જીવન–ઝરમર | ( મુનિરાજશ્રી ન્યાયવિજયજી ) | ૩૩,૪૭,૭૨,૯૧,૧૧૬ |
| ૧૨. શોક–મોહની નિવૃત્તિનો ઉપાય | ( અનુ૦ અભ્યાસી ) | ૩૫ |
| ૧૩. નિમિત્તદ્વારા જ્ઞાનપ્રાપ્તિ | ( ચોકસી ) | ૩૭ |
| ૧૪. મરતાં શીખો | ( આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી ) | ૪૨ |
| ૧૫. વિષયસુખ ઘણું જ મોંઘું છે. | ( ,, ) | ૬૩ |
| ૧૬. પ્રત્યેક બુદ્ધ | ( ચોકસી ) | ૭૫, ૧૨૨, ૧૪૩, ૧૬૫ |
| ૧૭. શ્રીમાન યશોવિજયજી | ( ડો. ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા ) | ૭૭,૯૭,૧૮૩,૨૨૦ |
| ૧૮. સાચી ઓળખાણ | ( આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી ) | ૮૩ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| નંબર વિષય | લેખક | પૃષ્ઠ |
|---|---|---|
| ૧૯. સોનેરી વચનામૃતો | ( મુનિશ્રી લક્ષ્મીસાગરજી ) | ૧૦૦ |
| ૨૦. શ્રમણોપાસક ધર્મ ભાવના | ( આચાર્યશ્રી વિજયપદ્મસૂરિજી ) | ૧૦૯ |
| ૨૧. ન્યાયરત્નાવલિ | ( મુનિરાજશ્રી ધુરંધરવિજયજી ) | ૧૧૩, ૨૧૨ |
| ૨૨. શ્રી વિજયાનંદસૂરીશ્વરજી પ્રતિ ગુરુભક્તોનું કર્તવ્ય | ( મુનિરાજશ્રી સમુદ્રવિજયજી ) | ૧૨૪ |
| ૨૩. પ. પૂ. શ્રી સિદ્ધસેન દિવાકરજીના ઉપલબ્ધ ગ્રંથોનો ટૂંક પરિચય | ( આચાર્યશ્રી વિજયપદ્મસૂરિજી ) | ૧૨૯, ૧૪૯, ૧૬૯, ૧૮૮, ૨૦૯ |
| ૨૪. આત્મ સન્માન | ( આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી ) | ૧૩૨ |
| ૨૫. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, અનુભાગાદિની આત્મા પર થતી અસર | ( સં. પ્ર. મુનિશ્રી પુણ્યવિજયજી ) | ૧૩૬ |
| ૨૬. શ્રી સીમંધરસ્વામીને વિનતિ | ( મુનિરાજશ્રી ધુરંધરવિજયજી ) | ૧૩૮ |
| ૨૭. સદ્વિચાર રત્ન | | ૧૪૬ |
| ૨૮. માનવભૂમિનાં પાંચ કલ્પવૃક્ષો | ( પંડિત લાલન ) | ૧૫૮ |
| ૨૯. યોગમીમાંસા | ( સં. પા. મુનિ પુણ્યવિજયજી ) | ૧૬૩, ૧૯૨, ૨૧૯ |
| ૩૦. વ્યાધિમીમાંસા | ( આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી ) | ૧૭૧ |
| ૩૧. યાત્રાના નવાણું દિવસ | ( ચોકસી ) | ૧૯૭ |
| ૩૨. શ્રી હેમચંદ્રાચાર્યે કુમારપાળને કરેલો પ્રતિબોધ | ( મુનિશ્રી લક્ષ્મીસાગરજી ) | ૨૦૦ |
| ૩૩. સાક્ષરવર્ય મુનિરાજશ્રી પુણ્યવિજયજી મહારાજે સર્વધર્મપરિષદમાં આપેલ વ્યાખ્યાન | | ૨૦૧ |
| ૩૪. પ્રગતિના પંથે | | ૨૦૨ |
| ૩૫. શ્રી આનંદઘનજીકૃત મહાવીર સ્તવન | ( પંડિત લાલન ) | ૨૦૩ |
| ૩૬. શ્રી મહાવીર જિન સ્તવન—સાર્થ | | ૨૨૩ |


## પ્રકીર્ણ


| | |
|---|---|
| સ્વીકાર અને સમાલોચના | ૨૦, ૧૦૪, ૧૪૫, ૧૮૬, |
| વર્તમાન સમાચાર | ૪૦, ૫૬, ૮૦, ૧૦૩, ૧૨૬, ૧૪૫, ૧૮૫, ૧૯૯, ૨૦૫ ૨૨૬, |
| આત્માનંદ સભાનો ૫૦ મા વર્ષનો રિપોર્ટ | પૃ. ૧૦૬ પછી |
| જૈન સમાજને વિનંતિ | ૨૨૩ |
| એક સુધારો | ૨૨૬ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૨૦ શ્રીમતી કમળાબ્હેન રતનચંદ સુતરીયા M. A.
૨૧ શાહ નાનચંદ સાકરચંદ
૨૨ શાહ તારાચંદ કાનજી
૨૩ શાહ હરજીવનદાસ નથુભાઇ
૨૪ શાહ હિંમતલાલ નથુભાઇ
૨૫ શાહ હિરાલાલ અનોપચંદ
૨૬ શાહ કપુરચંદ હરિચંદ
૨૭ શેઠ હિરાચંદ મણીલાલ
૨૮ દોશી અમૃતલાલ પરમાણંદ
૨૯ શેઠ નગીનદાસ જેચંદભાઇ
૩૦ દોશી કાલીદાસ સાંકળચંદ
૩૧ શ્રી સાગરગચ્છ જૈન ઉપાશ્રય હા. મ. પિતાંબર દલછારામ
૩૨ શાહ ખીમચંદ અમીચંદ
૩૩ શ્રી જૈ. પા. હા. શા. ગીરધરલાલ છોટાલલ
૩૪ શેઠ ભાઇચંદ અમુલખ
૩૫ શાહ લીલાધર મેઘજીભાઈ
૩૬ શ્રી જૈન યુવક મંડળ, હા. શેઠ પ્રાણુલાલ કરમચંદ
૩૭ શાહ વીરજી જીવરાજ સાર્વજનીક ફ્રી વાંચનાલય
૩૮ શેઠ ચુનીલાલ કમળશી
૩૯ શ્રી સમી જૈન જ્ઞાન ભંડાર હા. શેઠ નેમચંદ બાદરચંદ
૪૦ શાહ હીરાલાલ સોમચંદ
૪૧ શાહ ખીમચંદ લલ્લુભાઇ
૪૨ કપાસી શીવલાલ મેઘજીભાઇ
૪૩ શેઠ નરોત્તમદાસ શામજીભાઈ
૪૪ શાહ કાન્તિલાલ મગનલાલ ફોટોગ્રાફર.

આ અંક છપાયા પછી બીજા જે જે બંધુઓ ઉપરોક્ત પ્રમાણે પ્રથમ વર્ગના લાઇફ મેમ્બરો થયા છે તેના નામો હવે પછી શ્રાવણ માસના અંકમાં આવશે.

---

### ૧ શ્રી વસુદેવહિંડી ગ્રંથ ( શ્રી સંઘદાસ ગણિકૃત ભાષાંતર )

તત્ત્વજ્ઞાન અને બીજી ઘણી બાબતોને પ્રમાણિક ઠરાવવા સાદતરૂપ આ ગ્રંથની સુમારે પાંચમા સૈકામાં શ્રી સંઘદાસગણિ મહારાજે રચના કરેલી છે. મૂળ ગ્રંથનું બહુ જ પ્રયત્નપૂર્વકનું સંશોધનકાર્ય સદ્ગત મુનિરાજ શ્રી ચતુરવિજયજી મહારાજ તથા વિદ્યમાન સાક્ષરવર્ય મુનિરાજ શ્રી **પુણ્યવિજયજી મહારાજે** કરી જૈન સમાજ ઉપર મહાન ઉપકાર કર્યો છે. ભારતનો ઇતિહાસ તૈયાર કરવા માટે અજોડ અને બહુ જ પ્રાચીન ગ્રંથ છે. દરેક જૈન જૈનેતર સાક્ષર અને સાહિત્યકારની પ્રશંસાને પાત્ર થયેલ આ ગ્રંથ છે. આવા બહુ મૂલ્ય ગ્રંથનું ભાષાંતર વિદ્વાન રા. રા. ભોગીલાલ જ. સાંડેસરા એમ. એ. અમદાવાદવાળા પાસે તૈયાર કરાવેલ છે. ખરેખરી જ્ઞાનભક્તિનું આ ઉત્તમોત્તમ કાર્ય છે. આ ગ્રંથમાં અનેક ઐતિહાસિક સામગ્રી અનેક જાણવા યોગ્ય વિષયો અને કથાઓ આવેલી છે. શુમારે છશેંહ પાનાનો ગ્રંથ કપડાનું પાકું બાઇડીંગ સુંદર સચિત્ર કવર જેકેટ સાથે કિંમત રૂા. ૧૨–૮–૦ પોસ્ટે જ અલગ.

### ૨ શ્રી શાંતિનાથ ચરિત્ર—શ્રી અજિતપ્રભસૂરિકૃત.

મૂળ ઉપરથી ગુજરાતી ભાષાંતર સુંદર–સરલ–વિવિધ કલરીંગ સચિત્રો સાથે, ઉંચા કાગળો ઉપર, સુંદર ગુજરાતી ટાઇપમાં છપાય છે, પાકા બાઇડીંગથી અલંકૃત કરવામાં આવશે. દેવાધિદેવ શ્રી શાંતિનાથ પ્રભુના બાર ભવોનું અપૂર્વ સ્વરૂપ, અનેક બીજી અંતર્ગત કથાઓ, બાર વ્રત અને બીજા વિષયો ઉપરની દેશના, અનુકંપા( જીવદયા )નું અદ્ભૂત, અપૂર્વ, અનુપમ વૃત્તાંત આ ચરિત્રમાં આવેલ છે જે મનન કરવા જેવું છે. આ સુંદર ચરિત્રમાં આર્થિક સહાય શેઠ શ્રી લાલભાઇ ભોગીલાલ કુસુમગરના સ્મરણાર્થે તેમના ધર્મપત્ની શ્રી જાસુદબ્હેન તથા સુપુત્રો રણજીતકુમાર તથા સુરેન્દ્રકુમારે આપી જ્ઞાનભક્તિ કરી છે. ઘણે ભાગે દીવાળી લગભગ પ્રકટ થશે. છપાય છે. રૂા. ૧૦૧) આપી પ્રથમ વર્ગના શ્રાવણ (૧) વદી ૩૦ સુધીમાં નવા થનારા લાઇફ મેમ્બરોને આ ભેટનો લાભ મળશે.

---

## " નૂતન સાહિત્ય પ્રકાશન "

### ૧ શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર.

શ્રીમાન્ દેવભદ્રાચાર્યકૃત ૧૧૦૦૦ હજાર શ્લોક પ્રમાણ, પ્રાકૃત ભાષામાં બારમા સૈકામાં રચેલો તેનું ભાષાંતર છપાય છે. આ ચરિત્ર ગ્રંથકર્તા આચાર્ય મહારાજની વિદ્વત્તાપૂર્ણ સુંદર, અનુપમ, અલૌકિક રચના છે. આટલો મ્હોટો શ્રી પાર્શ્વનાથ ચરિત્ર ગ્રંથ જાણવા પ્રમાણે જે બીજો નથી. તેમ આવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

મહત્વપૂર્ણ ચરિત્ર રચના ભાગ્યેજ બીજા ગ્રંથમાં હશે. પ્રભુના ભવોના વિસ્તૃત વર્ણન સાથે, પ્રભુની દશ ગણધરોના પૂર્વભવોના વિસ્તારપૂર્વક ચરિત્રો સાથે આપવામાં આવેલ છે. સાથે અનેક અંતર્ગત કથાઓ અને ઘણા જાણવા યોગ્ય વિવિધ વિષયો પણ આવેલાં છે. ગ્રંથ છપાય છે. ૬૫ ફોર્મ સાડા પાંચસેંહ પૃષ્ઠ, અને આકર્ષક રંગીન ચિત્રો, મજબુત બાઇડીંગવડે ગુજરાતી સારા અક્ષરોથી છપાય છે. આર્થિક સહાય શેઠશ્રી **ચંદુલાલ** ટી. શાહ ( ડેપ્યુટી મેનેજર, ક્રાઉન લાઇફ કંપની ) તરફથી પોતાના પૂજ્ય સ્વર્ગવાસી પિતા શ્રીયુત **ત્રિભુવનદાસ** મંગલજી શાહના સ્મરણાર્થે સભાને મળેલી છે.

**૨ શ્રી કથારત્નકોષ ગ્રંથ**—શ્રીમાન્ દેવભદ્રાચાર્ય મહારાજે ( સંવત ૧૧૫૮ માં પ્રાકૃત ભાષામાં રચેલો છે જેમાં સમ્યકૃત્વ આદિ તેત્રીશ સામાન્ય ગુણો અને પાંચ અણુવ્રત આદિ વિશેષ ગુણોને લગતી ૫૦ વિષયો સાથે તેની મૌલિક, સુંદર પઠનપાઠન કરવા જેવી કથાઓ વાચકોની રસવૃત્તિ આખો ગ્રંથ વાંચતા નિરસ ન કરે તેવી સુંદર રચના આચાર્ય મહારાજે કરી છે. આ ગ્રંથમાં આવેલ ગુણોનું સ્વરૂપ, તેનું વિવેચન, તેને લગતા ગુણદોષો, લાભ–હાનિનું નિરૂપણ આચાર્ય મહારાજે એવી સુંદર પદ્ધતિ, સંકલનાથી કર્યું છે કે જેથી આ ગ્રંથની અનુપમ, અમૂલ્ય અપૂર્વ રચના બની છે. આ સુંદર ગ્રંથ મૂળ અમોએ પ્રસિદ્ધ કર્યો છે, જેની મૂળની કિંમત રૂ. ૧૦–૮–૦ છે. જેનું આ સરલ શુદ્ધ ભાષાંતર પણ સાક્ષરવર્ય મુનિરાજ શ્રીપુણ્યવિજયજી મહારાજની દેખરેખ નીચે થયેલ છે. તે ગ્રંથના પાના શુમારે પાંચસેંહ ઉપરાંત થશે કિંમત શુમારે રૂા. ૧૩–૦–૦ થશે.

**૩ શ્રી શ્રેયાંસનાથ પ્રભુ ચરિત્ર** - શ્રી માનતુંગસૂરિકૃતનું ભાષાંતર પણ સચિત્ર બીજા દેવાધિદેવોના ચરિત્રો જેવોજ ગ્રંથ સુંદર રીતે છપાય છે જેની કિંમત શુમારે ૭ રૂપીયા થશે. બીજા ત્રીજા નંબરના ગ્રંથોમાં આર્થિક સહયની જરૂર છે.

આ ત્રણે ગ્રંથો આવતા વર્ષમાં સભા પ્રગટ થશે. જેની કિંમત શુમારે ત્રીશ રૂપીયા થશે. **સંવત ૨૦૦૪ ના માગશર માસની આખર સુધીમાં રૂા. ૧૦૧) આપી નવા થનારા પ્રથમ વર્ગના લાઇફ મેમ્બરોને પણ ભેટ તેમજ નવા થનાર બીજા વર્ગના લાઇફ મેમ્બરોને ધારા પ્રમાણે ભેટ આપવામાં આવશે.**

## ભાવનગરના ( સ્થાનિક ) માનવંતા લાઈફ મેમ્બરોને નમ્ર સુચના.

આત્માનંદ પ્રકાશ માસિકમાં જણાવ્યા પ્રમાણેના ભેટના બે ગ્રંથો સભામાંથી ધારા પ્રમાણે લઇ જવા વિનંતિ છે.

## બહારગામના લાઇફ મેમ્બરોને

પ્રથમ વર્ગના લાઇફ મેમ્બરોને પોસ્ટ પુરતા વી. પી. મોકલી આપવામાં આવેલ છે. ન મળ્યા હોય તેઓ સાહેબે સભાને પત્રદ્વારા જણાવવું જેથી મોકલી આપવામાં આપશે. તેમજ બીજા વર્ગના લાઇફ મેમ્બરોને પ્રથમ શ્રાવણ શુદ ૧ થી ધારા પ્રમાણે રૂા. ૬–૧૪–૦ નું વી. પી. કરવામાં આવશે જે સ્વીકારી લેવા નમ્ર સુચના છે.

## જાહેર ખબર,

કોઈપણ શ્રદ્ધાળુ જૈન બંધુ જે ગ્રેજ્યુએટ થયેલ હોય અને જેમની બીજી ભાષા પ્રાકૃત–સંસ્કૃત હોય તેવા બંધુની સભાના કલાર્ક તરીકે જરૂર છે. પગાર માસિક રૂા. ૬૦) સાઠ. સારૂં કામ જોવા પછી પગારનો વધારો કરવામાં આવશે. અન્ય સ્થળે કામ કર્યું હોય તો પોતાના સરટીફીકેટ સાથે લખો.

સેક્રેટરીઓ,

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

મુદ્રક: શાહ ગુલાબચંદ લલ્લુભાઇ : શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ : દાણાપીઠ–ભાવનગર.

For Private And Personal Use Only